RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 297* Date: 24.08.2021 Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં કુલ ૨૭.૮૩ ટકા પરિણામ આવ્યું

# ગુજરાતના ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના રિપીટર વિદ્યાર્થીઓનું નીચું પરિણામ આવ્યું

અમદાવાદ, ૨૩

ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં કુલ ૮૯ હજાર ૧૦૬ રિપીટર વિદ્યાર્થીઓમાંથી ૭૮ હજાર ૨૧૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં ૧૯ હજાર ૩૨ વિદ્યાર્થીઓ પાસ થયાં હતાં. જ્યારે વિદ્યાર્થીઓની વાત કરીએ તો ૪૦ હજાર ૭૨૭ વિદ્યાર્થીનીઓમાંથી ૩૫ હજાર ૪૩૯ વિદ્યાર્થીનીઓએ પરીક્ષા આપી હતી. જેમાં ૧૨ હજાર ૫૬૪ વિદ્યાર્થીનીઓ પાસ થઈ હતી. જેમની ટકાવારી જોઈએ તો ૩૫.૪૫ ટકા છે. જ્યારે વિદ્યાર્થીઓમાં ૨૪.૩૧ ટકા વિદ્યાર્થીઓ જ પાસ થયાં છે. એટલે કે વિદ્યાર્થીનીઓ વધુ સંખ્યામાં પાસ થઈ છે. ૨૦ ટકા પસિંગ ધોરણનો લાભ મેળવી પાસ થનાર વિદ્યાર્થીઓ પણ ૧૧૩ છે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના રિપીટર વિદ્યાર્થીઓનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ૧૨ સામાન્ય પ્રવાહના કુલ ૧ લાખ ૩૦ હજાર ૩૮૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવા માટે ફોર્મ ભર્યું હતું પરંતુ તેમાં ૧ લાખ ૧૪ હજાર ૧૯૩ વિદ્યાર્થીઓએ જ પરીક્ષા આપી હતી. જેમાંથી માત્ર ૩૧ હજાર ૭૮૫ વિદ્યાર્થીઓ જ પાસ થયાં છે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં કુલ ૨૭.૮૩ ટકા પરિણામ આવ્યું છે. આ પરીક્ષાનું આજે સવારે ગુજરાત બોર્ડની વેબસાઈટ પર પરિણામ જાહેર થયું છે. ધોરણ ૧૨ કોમર્સમાં ૧૧૨ રિપીટર વિદ્યાર્થીઓમાંથી ૧૦૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં માત્ર ૪૩ વિદ્યાર્થીઓ પાસ થયાં હતાં. જ્યારે ૨૬ વિદ્યાર્થીનીઓમાંથી ૨૨ વિદ્યાર્થીનીઓએ પરીક્ષા આપી હતી.જેમાં ૧૧ વિદ્યાર્થીનીઓ પાસ થઈ હતી. કોમર્સમાં ૪૨.૧૬ ટકા રિપીટર વિદ્યાર્થીઓ અને ૫૦ ટકા રિપીટર વિદ્યાર્થીનીઓ પાસ થઈ હતી. કોમર્સમાં પણ વિદ્યાર્થીનીઓ વધુ સંખ્યામાં પાસ થઈ છે.રીપીટર વિદ્યાર્થીઓએ રેગ્યુલર વિદ્યાર્થીઓને માસ પ્રમોશન મળતા માસ પ્રમોશન ની માંગણી કરી હતી પરંતુ શિક્ષણ વિભાગ દ્વારા નિર્ણય પર મક્કમ રહીને રીપીટર વિદ્યાર્થીઓના વિરોધ વચ્ચે પરીક્ષા યોજી હતી.પરીક્ષાનું પરિણામ આવતા માત્ર ૨૭.૮૩ ટકા વિદ્યાર્થીઓ જ પાસ થયા છે.જો મસ પ્રમોશન આપવામાં આવ્યું હોત તો ૭૨.૧૭ ટકા નાપાસ થનાર વિદ્યાર્થીઓ એટલે કે ૮૨૪૦૮ વિદ્યાર્થીઓ પણ પાસ થઈ ગયા હોત. ધોરણ ૧૨ સાયન્સમાં એક લાખ ૭ હજાર ૨૬૪ વિદ્યાર્થીનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. બોર્ડના ઈતિહાસમાં પ્રથમ વખત ૧૦૦ ટકા પરિણામ જાહેર થયું છે, જેમાં ૩૨૪૫ વિદ્યાર્થીએ A1 ગ્રેડ મેળવ્યો છે, જ્યારે ૧૫ હજાર ૨૮૪ વિદ્યાર્થીએ A2 ગ્રેડ મેળવ્યો છે. છ ગ્રુપમાં ૪૬૬ વિદ્યાર્થીએ ૯૯ ટકાથી વધુ માર્ક મેળવ્યા છે, જ્યારે B ગ્રુપમાં ૬૫૭ વિદ્યાર્થીએ ૯૯ ટકાથી વધુ માર્ક મેળવ્યા છે. અમદાવાદ શહેરમાં ૧૦૯ વિદ્યાર્થી અને અમદાવાદ ગ્રામ્યમાં ૭૩ વિદ્યાર્થીએ છ૧ ગ્રેડ મેળવ્યો છે. સૌથી વધુ ૨૬,૮૩૧ વિદ્યાર્થીએ B2 ગ્રેડ મેળવ્યો છે.

ઉત્તર બુનિયાદી પ્રવાહમાં ૩૦૫માંથી ૨૬૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં માત્ર ૯૫ વિદ્યાર્થીઓ પાસ થયાં હતાં. જ્યારે ૧૧૨ વિદ્યાર્થીઓમાંથી ૯૧ વિદ્યાર્થીનીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૪૦ વિદ્યાર્થીનીઓ પાસ થઈ હતી. ઉત્તર બુનિયાદીમાં પણ ૩૫.૯૮ ટકા વિદ્યાર્થીઓ અને ૪૩.૯૬ ટકા વિદ્યાર્થીનીઓ પાસ થઈ હતી. ઉલ્લેખનીય છે કે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ, કોમર્સ અને ઉત્તર બુનિયાદીની રિપીટરોની પરીક્ષામાં પણ વધુ સંખ્યામાં વિદ્યાર્થીનીઓ પાસ થઈ છે. ૬ દિવસ પહેલા જાહેર થયેલા ૧૨ સાયન્સના રિપીટર્સનું માત્ર ૧૫ ટકા જ પરિણામ આવ્યું હતું. ૧૨ સાયન્સના કુલ ૩૦૩૪૩ વિદ્યાર્થીઓએ જ પરીક્ષા આપી હતી. જેમાંથી માત્ર ૪૬૪૯ વિદ્યાર્થીઓ જ પાસ થયા હતા. છ ગ્રુપમાં ૭૭૭૭ વિદ્યાર્થીઓને પરીક્ષા આપી હતી જેની સામે ૧૧૩૦ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જ્યારે A ગ્રુપમાં ૧૪૨૫ માંથી ૨૯૭ વિદ્યાર્થીનીઓ પાસ થઈ છે. B ગ્રુપમાં ૯૫૫૪ માંથી ૧૧૫૧ વિદ્યાર્થીઓ જ પાસ થયા છે. જ્યારે B ગ્રુપની ૧૧૫૭૮ વિદ્યાર્થિનીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૨૦૭૧ વિદ્યાર્થીનીઓ પાસ થઈ છે. AB



ગ્રુપના ૬ વિદ્યાર્થી અને ૩ વિદ્યાર્થિની હતી જેમાંથી એક પણ પાસ થયા નથી .B કરતા A ગ્રુપનું પરિણામ વધુ છે. તે ઉપરાંત વિદ્યાર્થીઓને ૨૦ ટકા પાસિંગ ધોરણનો લાભ આપવામાં આવેલ છે. જેમાં પાસ થનારની સંખ્યા માત્ર ૯ છે. કોરોનાની મહામારીમાં સૌથી વધારે અસર વિદ્યાર્થીઓના શિક્ષણ પર થઈ છે. મહામારીના કારણે ઘણા સમય શાળા-કોલેજો બંધ હતા. ધોરણ ૧૦-૧૨ના રેગ્યુલર વિદ્યાર્થીઓને સરકારે આખરે માસ પ્રમોશન આપ્યું હતું. તેઓની પરીક્ષા કોરોનાના કારણે રદ કરવામાં આવી હતી. પરંતુ સરકારે ધોરણ ૧૦ -૧૨ના રિપીટર વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપ્યું નહોતું. જેથી તેમણે પણ માસ પ્રમોશનની માગ કરી હતી અને આ મામલે ન્યાય મેળવવા હાઈકોર્ટમાt PIL દાખલ કરી હતી. જો કે કોર્ટે પણ પરીક્ષા લેવા માટે છૂટ આપી હતી. જેથી ૧૫ જુલાઈએ રિપીટર્સની પરીક્ષા યોજવામાં આવી હતી.

## મોદીના આદેશ બાદ ૨૬ ઓગસ્ટે વિદેશ મંત્રાલયની સર્વદળીય બેઠક

કાબુલ, ૨૩

અફઘાનિસ્તાનમાં ફસાયેલા ભારતીય નાગરિકો અને અફઘાનોને નીકાળવા માટે ભારત સરકાર તરફથી દરેક સંભવ પ્રયત્ન ચાલુ છે. આ સંકટથી બહાર આવવા માટે હવે કાબુલથી દરરોજ બે ફલાઈટ સંચાલિત કરવાની અનુમતિ પણ આપવામાં આવી છે. ભારતે આશ્વાસન આપ્યુ છે કે તેઓ હિંદુઓ અને શીખોની સાથે સાથે અફઘાનિસ્તાનમાં પોતાના સહયોગીઓની પણ સહાયતા કરશે. જેમને મદદની જરૂર છે.અફઘાનિસ્તાનમાં તાલિબાનના સંપૂર્ણ કબ્જા બાદથી આની અસર ભારતીય રાજનીતિથી લઈને વેપાર પર પડી રહી છે.

આ સંકટની વચ્ચે વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકરે સોમવારે ટ્વીટ કરી જાણકારી આપી છે. તેમણે કહ્યુ કે અફઘાનિસ્તાનના ઘટનાક્રમને ધ્યાનમાં રાખતા, પીએમ મોદીએ વિદેશ મંત્રાલયને તમામ રાજકીય દળના નેતાઓને સંક્ષિપ્ત જાણકારી આપવાનો આદેશ આપ્યો છે. સંસદીય કાર્ય મંત્રી પ્રહલાદ જોશી આગળની જાણકારી આપશે. સૂત્રો અનુસાર વિદેશ મંત્રી એસ જયશંકરે અફઘાનિસ્તાન સંકટને લઈને ૨૬ ઓગસ્ટની સવારે ૧૧ વાગે સર્વદળીય બેઠક બોલાવી છે. મંત્રી પ્રહલાદ જોશી આ બેઠકને કૉર્ડિનેટ કરશે. દિલ્હીમાં સંયુક્ત રાષ્ટ્ર હાઈ કમિશનરના કાર્યાલયની સામે અફઘાન શરણાર્થીઓનું વિરોધ પ્રદર્શન સતત જારી છે. તેમની માગ છે કે તમામ અફઘાન માટે શરણાર્થીનો દરજ્જો, કોઈ ત્રીજા દેશ માટે પુનર્વાસ વિકલ્પ અને ભારત સરકાર પાસેથી સુરક્ષા મળે.

## સપ્ટેમ્બરમાં દરરોજ આવી શકે છે ૪ લાખ કોરોના કેસ : નીતિ આયોગની ચેતવણી

નવી દિલ્હી, ૨૩

નીતિ આયોગે કોરોનાની બીજી લહેર બાદ મોટી સંખ્યામાં હોસ્પિટલમાં કોવિડ બેડ અલગ રાખવાની ભલામણ કરી છે. આયોગનુ કહેવુ છે કે ખરાબ પરિસ્થિતિમાંથી ઉકેલ મેળવવા માટે પહેલેથી તૈયાર રહેવુ પડશે. સપ્ટેમ્બર સુધી બે લાખ આઈસીયુ બેડ તૈયાર કરવા જોઈએ. આ સિવાય ૧.૨ લાખ વેન્ટિલેટર વાળા આઈસીયુ બેડ, ૭ લાખ ઓક્સિજન વાળા બેડ અને ૧૦ લાખ કોવિડ આઈસોલેશન કેર બેડ હોવા જોઈએ. ભારતમાં કોવિડ મહામારીનું વિકરાળ રૂપ એકવાર ફરી જોવા મળી શકે છે. નીતિ આયોગે કોરોનાની ત્રીજી લહેરને લઈને ચેતવણી જારી કરી છે. આયોગે આશંકા વર્તાઈ છે કે સપ્ટેમ્બરમાં ૪થી ૫ લાખ કોરોના કેસ દરરોજ આવી શકે છે. દરેક ૧૦૦ કોરોના કેસમાંથી ૨૩ કેસને હોસ્પિટલમાં દાખલ કરવાની વ્યવસ્થા કરવી પડી શકે છે. એવામાં પહેલાથી જ બે લાખ આઈસીયુ બેડ્સ તૈયાર રાખવાની જરૂર છે. નીતિ આયોગે અગાઉ સપ્ટેમ્બર ૨૦૨૦માં પણ કોરોનાની બીજી લહેરનુ અનુમાન લગાવ્યુ હતુ. નીતિ આયોગે ૧૦૦ સંક્રમિતોમાંથી ગંભીર કોવિડ લક્ષણ વાળા લગભગ ૨૦ દર્દીઓને હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર હતી પરંતુ આ વખતે અનુમાન ગઈ વખતથી વધારે છે. ભારતમાં સતત ૫૬ દિવસથી ૫૦,૦૦૦ થી ઓછા દૈનિક કેસ સામે આવી રહ્યા છે. રવિવારે સ્વાસ્થ્ય મંત્રાલયના રિપોર્ટ અનુસાર કોરોનાના કુલ ૩૦,૯૪૮ નવા કેસ સામે આવ્યા અને ૪૦૩ મોત નીપજયા. કોવિડના કારણે મૃતકોની કુલ સંખ્યા ૪ લાખ ૩૪ હજાર ૩૬૭ થઈ ગઈ છે.

ભારતમાં કોવિડ સંક્રમણથી સાજા થવાનો દર વધીને ૯૭.૫૭ ટકા થઈ ગયો છે. જે માર્ચ ૨૦૨૦ બાદ સૌથી વધારે છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર, સક્રિય કેસ કુલ કેસના ૧.૦૯ ટકા છે, જે માર્ચ ૨૦૨૦ બાદ સૌથી ઓછા છે. ભારતમાં અત્યાર સુધી સાજા થનારની કુલ સંખ્યા ૩,૧૬,૩૬,૪૬૯ થઈ ગઈ છે. છેલ્લા ૫૮ દિવસથી સાપ્તાહિક સકારાત્મકતા દર ૩ ટકાથી નીચે થઈ ગયો છે અને વર્તમાનમાં ૨.૦ ટકા છે.

## કોરોનાની ત્રીજી લહેરથી બાળકોને વધુ ખતરો : ગૃહ મંત્રાલયની સમિતિ

ન્યુ દિલ્હી, ૨૩

નીતિ આયોગના સભ્ય વીકે પોલની પ્રમુખતાવાળા જૂથે ગયા મહિને ત્રીજી લહેરને લઈને સલાહ આપી હતી. તેમા કહેવામાં આવ્યું હતું કે જો ભવિષ્યમાં કોવિડના કેસો વધે છે તો દર ૧૦૦ કોરોના સંક્રમિતોમાંથી ૨૩ને હોસ્પિટલમાં દાખલ કરાવાની જરુરત પડી શકે છે. તેવી સ્થિતિમાં પહેલાથી જ ૨ લાખ ICU બેડ તૈયાર રાખવા પડશે.કોરોનાની ત્રીજી લહેર લઈને ગૃહ મંત્રાલયની એક પેનલે પ્રધાનમંત્રી કાર્યાલય(PMO)ને ચેતાવણી જાહેર કરી છે. નેશનલ ઈંસ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર(NIDM) પ્રમાણે બનાવામાં આવેલી સમિતિએ ઓક્ટોબરમાં સંક્રમણ પીક પર પહોચશે તેવી ચેતાવણી જાહેર કરી છે. સમિતિએ તેની બાળકો પર સૌથી વધુ અસર થશે તેવી વાત કહી છે અને અત્યારથી જ તૈયાર રહેવાનું એલર્ટ આપ્યુ છે. પેનલે હોસ્પિટલોમાં પૂરી તૈયારીઓ રાખવાની સલાહ આપી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે દેશમાં બાળકો માટે મેડિકલ સુવિધાઓ, વેન્ટીલેટર, ડોક્ટર, મેડિકલ સ્ટાફ, એમ્બ્યુલન્સ, ઓક્સિજનની પૂરી વ્યવસ્થા હોવી જોઈએ. માનવામાં આવી રહ્યુ છે કે ત્રીજી લહેરની મહત્તમ અસર બાળકો અને યુવાઓ પર થશે. તેવામાં તેમને અત્યારથી જ સાવધાની રાખવાની જરૂર છે. આ રિપોર્ટ એવા સમયે સામે આવ્યો છે, જ્યારે બાળકો માટે વેક્સિનેશન શરુ કરવાની તૈયારી ચાલી રહી છે. સમિતિએ પણ મોટી સંખ્યામાં બાળકોના વેક્સિનેશનની જરૂરીયાત ગણાવી છે. આ સાથે જ કોવિડ વોર્ડને એ પ્રમાણે તૈયાર કરવાની સલાહ આપી છે કે બાળકોના પેરેન્ટ્સ પણ બાળક સાથે રહી શકે. રિપોર્ટ પ્રમાણે, સપ્ટેમ્બરના અંત સુધી ત્રીજી લહેર પોતાની અસર દેખાડવાની શરુ કરશે. ત્યાંજ ઓક્ટોબરમાં દેશમાં દરરોજ ૫ લાખથી વધુ કેસ આવી શકે છે.

## મોદી ગુજરાતની મુલાકાતે આવી શકે છે : તેમના જન્મ દિવસે વિવિધકાર્યોનું લોકાર્પણ કરશે

કેવડિયા, ૨૩

૧૭ સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આવવાની વાતને લઈને તંત્ર તૈયારીમાં લાગી ગયું છે. આ સમયે મોદી નર્મદા ઘાટની આરતી સહિત અન્ય ૫૦ કરોડથી વધુના પ્રોજેક્ટો જેમાં ઇ કાર, ભૂલભૂલૈયા ગાર્ડન, સહિત પ્રોજેક્ટોને ખુલ્લા મુકશે. આ સાથે જંગલ સફારીની પણ વિઝીટ કરીને નવા બંગાળ ટાઈગરની જોડીને જોવ જઈ શકે એવી હાલ શક્યાતા જોવા મળી રહી છે. તંત્ર આ બાબતે કોઈપણ જાતની સૂચના હોવાની વાત કરી રહ્યું છે. પરંતુ PMO માંથી ઝર્સમાં વડાપ્રધાનની ગુજરાત, કેવડિયા મુલાકાતની તૈયારીઓની સૂચના મળી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. ઉત્તરપ્રદેશ હરિદ્વાર અને વારાણસી જેવા ધાર્મિક સ્થળોમાં ગંગા મૈયાની મહાઆરતી રોજ થાય છે, એવી નર્મદા આરતી પણ નર્મદા ઘાટ પર કરાવવાનું આયોજન થઈ રહ્યું છે જેના ભાગરૂપે આ ઘાટ બનાવવામાં આવી રહ્યો છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી બન્યા બાદ આ વિસ્તારનો પ્રવાસન તરીકે વિકાસ થઈ રહ્યો છે અને અનેક પ્રકલ્પનો લોકાર્પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે થયું હતું, ત્યારે વડાપ્રધાન મોદીના સૂચનાથી સરકાર આ વિસ્તારનો ધાર્મિક સ્થળ તરીકે પણ વિકાસ કરવાનું આયોજનના ભાગરૂપે આ ઘાટ બનાવવામાં આવી રહ્યો છે. હરિદ્વાર અને વારાણસી જેવી આરતી નર્મદા ઘાટ પર રોજ કરવામાં આવશે. આ આરતી કેવી રીતે થાય છે, તે જોવા માટે કેવડિયાના અધિકારીઓ વારાણસી જઇ આવ્યા હતા. નર્મદા મૈયાની આરતી માટે હાલ તંત્ર એકદમ સજ્જ થઇ ગયું છે. કેવડિયાની સામે કિનારે ગોરા ગામે નર્મદા નદીના કિનારે ૧૪ કરોડના ખર્ચે વિશાળ ઘાટ બનીને તૈયાર છે. શૂલપાણેશ્વર મંદિરથી સીધા ઘાટ પર જવાય એવો રસ્તો પણ બનીને તૈયાર છે. આ ઘાટ ૧૩૧ મીટર લાંબો અને ૪૭ મીટર પહોળો છે. પીએમ મોદી આ ઘાટ પર નર્મદા મૈયાની મહાઆરતી કરશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના જન્મદિવસ ૧૭ સપ્ટેમ્બરે કેવડિયા આવે તેવી શક્યતા છે. પીએમ મોદીના જન્મદિવસે કેવડિયામાં નર્મદા મૈયાની મહાઆરતી થાય તેવી શક્યતા છે. કેવડિયા નજીક ગોરા ગામના નર્મદા નદીના કિનારે ૧૪ કરોડના ખર્ચે નર્મદા ઘાટનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ નર્મદા ઘાટ પર પીએમ મોદી દ્વારા નર્મદા આરતીનો પ્રારંભ કરવામાં આવશે તેમ માનવામાં આવી રહ્યું છે. જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારથી મોદી કેવડિયાની નિયમીત મુલાકાત લેતા આવ્યા છે અને વડાપ્રધાન બન્યા બાદ તેમના ડ્રીમ પ્રોજેક્ટ સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું નિર્માણ કર્યું અને તેઓ અવારનવાર કેવડિયા ખાતે આવતા રહે છે. ૩૧ ઓક્ટોબર-૨૦૧૮માં સ્ટેચ્યૂ ઓફ યુનિટીના લોકાર્પણ બાદ મોદી અનેક વખત કેવડિયા આવી ચૂક્યા છે.

જાન્યુઆરી-૨૦૨૧માં કેવડિયા સ્થિત સ્ટેચ્યૂ ઓફ યુનિટીને દેશના ૬ રાજ્યો સાથે જોડતી ૮ ટ્રેનોને પીએમ મોદી એ આજે વર્ચ્યુઅલ લોકાર્પણ કરીને લીલી ઝંડી આપીને રવાના કરી હતી. વડાપ્રધાન સમારોહ દરમિયાન ગુજરાતમાં રેલવે સંબંધિત અન્ય અનેક પ્રોજેક્ટ્સનું પણ મોદીએ ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી હાજર રહ્યા હતા અને કેન્દ્રીય રેલવે પ્રધાન વર્ચ્યુઅલ દિલ્હીથી રીતે ઉપસ્થિત રહ્યા હતા. માર્ચ-૨૦૨૧માં પીએમ મોદીએ કેવડિયા ખાતે ઓલ ઈન્ડિયા કમાન્ડર કૉન્ફરન્સમાં હાજરી આપી હતી.

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ
સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે, એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
BM MAGIC WATERPROOFING
9624163945(M)
8690089211(W)
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.
● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.
ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૪

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૨૫૩૧૬

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૨૫

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૧૫૦૬૬

## તંત્રી સ્થાનેથી...

### દેશમાં શીખ અને હિન્દુઓ સાથે થતી ગેરવર્તણૂંકથી માલુમ થાય છે કે CAA લાગૂ કરવો કેટલો જરૂરી

*કેન્દ્રીય પેટ્રોલિયમ અને ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ અફઘાનિસ્તાન સંકટનો ઉલ્લેખ કરી સિટીઝનશિપ એમેડમેન્ટ એક્ટ (CAA)ને ખૂબ જરૂરી ગણાવ્યો છે. પુરીએ સોશિયલ મીડિયા પર કહ્યું કે પડોશી દેશમાં શીખ અને હિન્દુઓ સાથે જે પ્રકારે અયોગ્ય વ્યવહાર કરવામાં આવી રહ્યો છે તેનાથી માલુમ થાય છે કે દેશમાં ઝછછ લાગુ કરવો શા માટે જરૂરી છે. ડિસેમ્બર,૨૦૧૯માં ઝછછ સામે વિરોધ પ્રદર્શન થયા હતા. આ અંગે પુરીએ કહ્યું કે ઝછછથી દેશની ધર્મનિરપેક્ષતા પર કોઈ જ અસર થશે નહીં. આ સાથે તેમણે વિપક્ષી પાર્ટીઓ પર નવા કાયદા અંગે ખોટી માહિતી ફેલાવવાનો પણ આરોપ લગાવ્યો હતો. પુરીએ કહ્યું કે વિપક્ષી દળો કાયદામાં સુધારાને લગતી માહિતીને લઈ સરકાર વિરોધી અભિયાન ચલાવી રહ્યું છે, જેમાં ખોટી માહિતી ફેલાવવી, ભારતના હિતોનો વિરોધ કરનારી શક્તિને એકજૂટ કરવા તથા હિંસા ભડકાવવાનો સમાવેશ થાય છે. બીજી બાજુ કાબુલમાંથી ભારતીયોને બહાર કાઢવાની એટલે કે એરલિફ્ટ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. રવિવારે ત્રણ વિમાનો મારફતે ૩૯૦ લોકો ભારત પરત ફર્યા હતા, તેમાં ૩૨૯ ભારતીયોનો સમાવેશ થતો હતો. એરફોર્સના ઝ-૧૭ એરક્રાફ્ટથી ૧૬૮ લોકોને પરત લાવવામાં આવ્યા હતા, તેમાં ૧૦૭ ભારતીય ૨૩ અફઘાની શીખ તથા હિન્દુનો સમાવેશ થતો હતો. આ અગાઉ એર ઈન્ડિયાના વિમાનથી ૮૭ ભારતીયો અને ૨ નેપાળી નાગરિકોને ભારત લાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત અન્ય એક ફ્લાઈટમાં ૧૩૫ લોકોને પરત લાવવામાં આવ્યા છે. એરફોર્સના વિમાનથી આવેલા ૧૬૮ લોકોમાં અફઘાની સાંસદ નરેન્દર સિંહ ખાલસા, અનારકલી હોનરયાર અને તેમના પરિવારનો સમાવેશ થાય છે. રવિવારે ભારત પહોંચતા નરેન્દર સિંહ ખાલસા ભાવુક થઈ ગયા હતા. તેમણે કહ્યું હતું કે ૨૦ વર્ષથમાં જે પણ નિર્માણ કરેલું તે બધુ જ ખતમ થઈ ગયું. આ ઉપરાંત અન્ય એક અફઘાની મહિલાએ કહ્યું કે અફઘાનિસ્તાનમાં સ્થિતિ ખૂબ જ ખરાબ છે, તાબિલાને અમારા ઘર સળગાવી નાંખ્યા છે. અફઘાનિસ્તાનમાં ફસાયેલા ભારતીયોને વતનમાં પરત લાવવાનું સરળ થઈ ગયું છે. કાબુલ એરપોર્ટથી ભારત દરરોજ બે વિમાનના સંચાલન માટે મંજૂરી મળી છે. અમેરિકા અને નોર્થ એટલાન્ટીક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન (દ્રર્દ્બ)ફોર્સે આ માટે શનિવારે મંજૂરી આપી હતી. ભારતીય વિદેશ મંત્રાલયે કહ્યું છે કે હવે તેઓ ટૂંક સમયમાં તમામ ભારતીયોને પરત લાવી શકશે. અહીં હજુ પણ ૩૦૦ જેટલા ભારતીય ફસાયેલા છે. ગયા વર્ષે દેશમાં ઝછછ કાયદો બન્યો તો દેશભરમાં તેનો ભારે વિરોધ થયો હતો. દિલ્હીના શાહીન બાગ વિસ્તારમાં આ કાયદાનો ભારે વિરોધ થવા સાથે આંદોલનનું કેન્દ્ર બન્યું હતું. કાયદામાં અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનમાંથી આવેલા હિન્દુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અને ઈસાઈ ધર્મના પ્રવાસીઓ માટે નાગરિકતા કાયદાના નિયમોને સરળ કરવામાં આવ્યા હતા. આ અગાઉ નાગરિકા માટે ૧૧ વર્ષ ભારતમાં રહેવું જરૂરી હતું, આ સમય ગાળો ઘટાડીને ૧થી ૬ વર્ષ કરવામાં આવ્યો છે. ૧૧ ડિસેમ્બર,૨૦૧૯ના રોજ રાજ્યસભામાં નાગરિક સુધારા વિધેયક ૨૦૧૯ (CAB)ના પક્ષમાં ૧૨૫ અને વિરોધમાં ૯૯ મત પડ્યા હતા. આ અગાઉ ૧૨ ડિસેમ્બર,૨૦૧૯ના રોજ તેને રાષ્ટ્રપતિની મંજૂરી મળી હતી. દેશભરમાં ભારે વિરોધ વચ્ચે વિધેયક બન્ને ગૃહમાંથી મંજૂર થયા બાદ તે કાયદાકીય સ્વરૂપ મેળવી લીધુ હતુ. ગૃહમંત્રી અમિત શાહે ૯ ડિસેમ્બરના રોજ લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું. કેટલાક દિવસો અગાઉ ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે સંસદમાં કહ્યું હતું કે ગૃહ મંત્રાલય કાયદાને લાગૂ કરવાના નિયમ તૈયાર કરવા માટે ૯ જાન્યુઆરી ૨૦૨૨ સુધીનો સમય ઈચ્છે છે.*

## ૫મી સપ્ટેમ્બર શિક્ષકદિનના દીવસે સુરત જિલ્લા શિક્ષણાધિકારી

# હરેશભાઈ હિંમતભાઈ રાજ્યગુરુની સુરત શહેરના શિક્ષકો ૫મી સપ્ટેમ્બર શિક્ષકદિનના દિવસે પરીક્ષા જાહેરમાં લેશે

રાજ્યગુરુ યાદદાસ્ત બહુ કમજોર છે ,વારંવાર જૂઠું બોલે છે ,જુઠું લખે છે, બોલીને ફરી જવાની આદત છે અને નીતિમત્તા વગરનું , શરમ વગરનુ વર્તન કરે છે, ફરજ બાબતે હંમેશા નફ્ફટ છે, કોઈ પણ વાલી કે પત્રકારનો ૯૯૦૯૯ ૭૦૨૧૮ સરકારી ફોન ઉપર કરેલો ફોન રિસિવ કરતા નથી. જાત જાણીજોઈને ભૂલકણા બને છે એટલે એમની દયા ખાઈને સુરતના શિક્ષકો પાંચમી સપ્ટેમ્બરના દિવસે તેમની પરીક્ષા લેશે. એમની દયા ખાઈને અગાઉથી પ્રશ્નપત્ર જાહેર કરવામાં આવે છે.

Deo સુરતનીનિષ્ઠાનું પ્રશ્નપત્ર

પ્રશ્ન (૧) સુરત જિલ્લા શિક્ષણાધિકારી એમની કચેરીમાંથી કયા કયા સરકારી દસ્તાવેજો ગુમ કર્યા એની નોંધ લખો.

પ્રશ્ન-(૨) સુરત જિલ્લા શિક્ષણાધિકારીએ એમના કચેરીના નજીકના વિસ્તારોમાં વિદ્યાર્થીઓ શિક્ષકો અને માસૂમ બાળકોને શા માટે અશ્લિલ ફિલ્મની લીક મોકલી હતી, આવું કરવાથી એમને કેવો આનંદ પ્રાપ્ત થયો હતો ?

પ્રશ્ન(૩) સુરત જિલ્લા શિક્ષણ અધિકારીએ નૈતિક અને શૈક્ષણિક ફરજના ભાગરૂપે ફરજકાળ દરમિયાન કેટલીક ખાનગી પ્રાથમિક શાળાઓના વાર્ષિક નિરીક્ષણ જાતે પૂરા કર્યા ? અને તેમની કચેરીના નિરીક્ષકો દ્વારા કરાવ્યા ?

પ્રશ્ન (૪) તમામ ખાનગી પ્રાથમિક શાળાઓમાં સરકાર દ્વારા જાહેર કરેલી યોગ્ય લાયકાત વાળા કેટલાં શિક્ષકોની ભરતી કરી અને કરાવી ?

પ્રશ્ન (૫) જો આ જવાબદારી જિલ્લા શિક્ષણાધિકારી સુરતની ના હોય તો એમનું સોગંદનામુ જાહેર કરે . એમણે તેમના કાર્યકાળ દરમિયાન ખાનગી પ્રાથમિક શાળાઓમાં કેટલા શિક્ષકો ની ભરતી કરી કરાવી ?

પ્રશ્ન (૬) સુરત જિલ્લા શિક્ષણ અધિકારી એ મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ મુજબ શાળાઓમાં બાળકોને પ્રવેશ મળે તે માટે ખાનગી પ્રાથમિક શાળાઓની સાચી યાદી online શા માટે જાહેર ના કરી ?

પ્રશ્ન (૭) સુરત જિલ્લા શિક્ષણ અધિકારીએ એમની કચેરીના દસ્તાવેજોમાં સચવાયેલી ૭૦ કરતાં વધુ શાળાઓના કૌભાંડની વિડીયો સીડી શા માટે ગુમ કરી કરાવી ?

પ્રશ્ન ( ૮ ) સુરત જિલ્લા શિક્ષણાધિકારીએ અમાન્ય ગેરકાયદેસર ચાલતી શાળાઓ પાસેથી તેમના કાર્યકાળ દરમ્યાન જાહેર કરેલો દંડ શા માટે વસૂલ કર્યો નથી ?

પ્રશ્ન (૯) વાલીઓ દ્વારા પુરાવા સાથે ફરિયાદ કરી હોવા છતાં મેટાસ સ્કૂલ સામે સો કરોડ જેટલો દંડ શા માટે વસૂલ ન કર્યો અને કયો લાભ ખાટવા સરકારને ચૂનો લગાવ્યો ?

પ્રશ્ન (૧૦) જિલ્લા શિક્ષણ અધિકારીએ માહિતી કમિશનર ગુજરાત રાજ્ય માહિતી આયોગ સુભાષભાઈ સોનીના હુકમ બાદ ૧૩૦૦ કરતાં વધું શાળાઓની ફાઈલ શા માટે છુપાવી ?

પ્રશ્ન (૧૧) માહિતીના અરજદાર પાસેથી ૫૦૦ કરતા વધુ રૂપિયા રોકડા વસૂલ કર્યા છતાં એમને રસીદ શા માટે આપવામાં આવી નથી ? આ નાણાં કોના ગજવે ઘાલ્યા ?



श्रावण पूर्णिमा,रक्षाबंधन के पावन पर्व की मातृभूमि सेवा मिशन परिवार की ओर से आप सभी को कोटिशः अनन्त मंगल शुभकामनाएं...आज इस पावन पर्व पर 55 वैदिक ब्रम्हचारियो ने सनातन वैदिक धर्म,परम्पराओं और जीवन मूल्यों के लिए अपना जीवन समर्पित करने का संकल्प लिया. इस अवसर पर गीता मनीषी महामंडलेश्वर पू. स्वामी ज्ञानानंद जी महाराज का सान्निध्य प्राप्त हुआ। श्रीब्राम्हण एवं तीर्थोधार सभा के समस्त आदरणीय पदाधिकारीगण एवं वेद विद्यालय के सहयोगीयो की गरिमामयी उपस्थिति रही.रक्षाबन्धन पर्व सामाजिक और पारिवारिक एकबद्धता का प्रतीक है.रक्षाबंधन और श्रावण पूर्णिमा ये दो अलग-अलग पर्व हैं जो उपासना और संकल्प का अद्भुत समन्वय है।पुरातन व महाभारत युग के धर्म ग्रंथों में इन पर्वों का उल्लेख पाया जाता है.यह भी कहा जाता है कि देवासुर संग्राम के युग में देवताओं की विजय से रक्षाबंधन का त्योहार शुरू हुआ.मध्ययुगीन भारत में हमलावरों की वजह से महिलाओं की रक्षा हेतु भी रक्षाबंधन का पर्व मनाया जाता था।यह एक धर्म-बंधन था. यह पर्व हमें राष्ट्र, समाज के प्रति अपने दायित्व के निर्वाह की प्रेरणा देता हैं।

# પૂર્વ મુખ્યમંત્રી કલ્યાણ સિંહ પંચતત્વમાં વિલીન થયા



લખનઉ, ૨૩

ભૂતપૂર્વ મુખ્યમંત્રીની અંતિમ યાત્રામાં શ્રદ્ધાંજલિ આપવા માટે અલીગઢના રસ્તાઓ પર લોકોની ભીડ ઉમટી પડી છે. હજારોની સંખ્યામાં લોકો સ્ટેડિયમથી અતરૌલી સુધી રસ્તાની બંને બાજુ ઉભા છે. લોકો પૂર્વ મુખ્યમંત્રીના પાર્થિવદેહ પર ફૂલ વરસાવી રહ્યા છે. ચારે તરફ 'કલ્યાણ સિંહ અમર રહે'ના નારા ગુંજી રહ્યા હતા. કલ્યાણ સિંહ અંતિમ યાત્રા પર નીકળી ચૂક્યા છે.તેમનો પાર્થિવદેહ અલીગઢના સ્ટેડિયમથી અતરૌલી તરફ લઈ જવામાં આવી રહ્યો છે. ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને રાજસ્થાન-હિમાચલ પ્રદેશના પૂર્વ રાજ્યપાલ કલ્યાણ સિંહ પંચતત્વમાં વિલીન થઈ ગયા છે. રાજકીય સન્માનની સાથે બુલંદશહેર જિલ્લાના નરૌરા સ્થિત બંશી ઘાટ પર તેમના અંતિમ સંસ્કાર થયા. તેમના પુત્ર રાજવીર સિંહએ તેમને મુખાગ્નિ આપી. આ પહેલા રક્ષામંત્રી રાજનાથ સિંહ, ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી, કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની, યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મોર્ય સહિત ઘણા મોટા નેતાઓએ સીએમને શ્રદ્ધાંજલિ આપી. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી, કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની, યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, ડેપ્યુટી ઝસ કેશવ પ્રસાદ મૌર્ય સહિત ઘણા મોટા નેતાઓ હાજર છે. પૂર્વ સીએમના અંતિમ સંસ્કાર રાજકીય સન્માન સાથે કરવામાં આવશે. આ માટે બંશી ઘાટ પાર ૨૦ કિલો ચંદનના લાકડા, ૫ ક્વિન્ટલ સામાન્ય લાકડું, ૫૦ કિલો કેસર કપૂરની સામગ્રી, ૬૦ કિલો ઘીની વ્યવસ્થા કરવામાં આવી છે. અંતિમ સંસ્કારની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. વૈદિક મંત્રોચ્ચાર પણ શરૂ થઈ ગયા છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પણ કલ્યાણ સિંહના પાર્થિવદેહના અંતિમ દર્શન કર્યા હતા. બસપાના રાષ્ટ્રીય રાષ્ટ્રપતિ માયાવતીએ કલ્યાણ સિંહના અંતિમ દર્શન કર્યા. માયાવતીએ અહી પૂર્વ મુખ્યમંત્રીના પૌત્રને મળીને શોક વ્યક્ત કર્યો હતો. આરએસએસના દત્તાત્રેય હોસબોલેએ પૂર્વ મુખ્યમંત્રીને શ્રદ્ધાંજલિ આપી હતી. વડાપ્રધાને અંતિમ દર્શન બાદ મીડિયાને સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું, 'આ આપણા બધા માટે શોકનો સમય છે. કલ્યાણ સિંહના માતા-પિતાએ તેનું નામ કલ્યાણ સિંહ રાખ્યું હતું. તેમણે પોતાના માતાપિતાએ આપેલ નામને સાર્થક કર્યું. તેઓ જીવનભર લોકોના કલ્યાણ માટે જ જીવ્યા. તેમણે લોકોના કલ્યાણ માટે પોતાનું મન બનાવ્યું. તેમણે પોતાનું જીવન ભારતીય જનતા પાર્ટી, ભારતીય જનસંઘ અને દેશને માટે સમર્પિત કરી દીધું. કલ્યાણ સિંહ ભારતના ખૂણે-ખૂણામાં એક વિશ્વાસનું નામ બની ગયા હતા.' વડાપ્રધાને વધુમાં કહ્યું, 'કલ્યાણ સિંહ પ્રતિબદ્ધ નિર્ણય લેનારનું નામ બની ગયું હતું. તેમણે પોતાના જીવનનો મહત્તમ સમય લોક કલ્યાણ માટે પસાર કર્યો. જ્યારે પણ તેમની પાસે જવાબદારી હોય તેને તેમણે સારી રીતે નિભાવી. સરકાર, સંગઠન જે પણ જવાબદારી મળી, તેમણે તેને પૂરી કરી. દેશે એક મૂલ્યવાન વ્યક્તિત્વ ગુમાવ્યું છે. હું ભગવાન શ્રી રામ ને પ્રાર્થના કરું છું કે તેઓ તેમને પોતાના ચરણોમાં સ્થાન આપે. તેમના પરિવાર અને સમર્થકો આ દુખ સહન કરવાની શક્તિ આપે. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા પણ લખનઉ પહોંચ્યા હતા. બંનેએ નિવાસસ્થાને પહોંચીને પૂર્વ મુખ્યમંત્રીને શ્રદ્ધાંજલિ આપી હતી. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને બસપાના રાષ્ટ્રીય અધ્યક્ષ માયાવતીએ કલ્યાણ સિંહને અંતિમ શ્રદ્ધાંજલિ આપી હતી. માયાવતી અહી પૂર્વ મુખ્યમંત્રીના પૌત્રને મળ્યા હતા અને પોતાની લાગણીઓ વ્યક્ત કરી હતી. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા લખનઉ પહોંચ્યા હતા અને પૂર્વ મુખ્યમંત્રીને શ્રદ્ધાંજલિ આપી હતી. નડ્ડાએ વડાપ્રધાનની સામે જ કલ્યાણસિંહના પાર્થિવદેહ પર ભાજપનો ધ્વજ રાખ્યો હતો. કલ્યાણ સિંહની અંતિમ ઈચ્છા હતી કે તેમના મૃત્યુ બાદ તેમનો પાર્થિવદેહ BJPના ધ્વજમાં લપેટવામાં આવે.

## આઝાદ પંજશીરમાં નેતા અહમદ મસૂદના નેતૃત્વમાં યુદ્ધની સ્થિતિ

કાબુલ,૨૩

અહમદ મસૂદે પંજશીરમાં વિદ્રોહી નેતાઓ સાથે હાથ મિલાવી લીધો છે. અફઘાની સેના અને તાલિબાન વિદ્રોહીઓને પણ એકત્રિત કર્યા છે. રેજિસ્ટ્રેન્સ ફ્રન્ટના પ્રવક્તા અલી મૈસમ નજારીએ ન્યુઝ એજન્સી છહ્લને જણાવ્યું કે તાલિબાનીઓની વિરુદ્ધ લગભગ ૯ હજાર ફાઈટરની ફોજ તૈયાર કરી લેવામાં આવી છે. આ સેનાને સતત ટ્રેનિંગ આપી રહી છે. અમારી પાસે ગાડીઓ અને હથિયાર પણ છે. નજારીએ કહ્યું કે અમે સરકાર ચલાવવા માટે નવી વ્યવસ્થા ઈચ્છીએ છીએ અને તેના માટે વાતચીત કરવા માટે પણ તૈયાર છીએ પરંતુ જરૂર પડી તો અમે યુદ્ધ લડવાથી પણ પાછળ હટીશું નહિ.પંજશીર ઘાટીમાં હજી તાલિબાનનો કબજો થયો નથી. અહી વિદ્રોહીઓની આગેવાની કરી રહેલા અહમદ મસૂદ યુદ્ધ માટે તૈયાર છે. નેશનલ રેજિસ્ટ્રેન્સ ફ્રન્ટ એટલે કે નોર્ધન એલાયન્સને લીડ કરી રહેલા મસૂદે કહ્યું કે યુદ્ધની તૈયારી છે પરંતુ જો રસ્તો કાઢવા માટે વાતચીત થાય છે તો તેના માટે પણ તૈયાર છીએ. તાલિબાને પણ કહ્યું છે કે વિદ્રોહ દબાવવા માટે હજારો તાલિબાનીને પંજશીર ઘાટીમાં મોકલવામાં આવ્યા છે. તાલિબાને ટ્વિટર પર કહ્યું કે સ્થાનિક અધિકારીઓને શાંતિપૂર્ણ રીતે અમને પંજશીર આપવાથી ઈંકાર કર્યો છે. તે પછી અમે ત્યાં કન્ટ્રોલ કરવા માટે પોતાના ફાઈટર મોકલ્યા છે. તાલિબાન સમર્થક ટ્વિટર હેન્ડલ પરથી તેનો એક વીડિયો પણ પોસ્ટ કરવામાં આવ્યો છે. પંજશીરના ફાઈટરે તાલિબાન પર રસ્તામાં જ હુમલો કર્યો હતો અને આ હુમલામાં તાલિબાનના ૩૦૦ ફાઈટર મૃત્યુ પામ્યા છે.

## સમયસર અમેરિકી સેના પરત ના ફરી તો ગંભીર પરિણામ ભોગવવા તૈયાર અમેરિકા : તાલિબાન

કાબુલ, ૨૩

અફઘાનિસ્તાન પર તાલિબાનના કબ્જા બાદથી કાબુલ એરપોર્ટ પર નિરાશાનો નજારો જોવા મળી રહ્યો છે. લોકો તાલિબાનથી બચવા માટે બધુ જ છોડીને પોતાના જીવને જોખમમાં નાખવા માટે તૈયાર છે. જ્યારે આ મુદ્દે તાલિબાનના પ્રવક્તા સુહૈલ શાહીનને પૂછવામાં આવ્યુ તો તેમણે આ વાતને ફગાવી દીધી. તેમણે કહ્યુ, હુ તમને વિશ્વાસ અપાવુ છુ કે આ ચિંતિત અથવા ડરવા વિશેનુ નથી. તે પશ્ચિમી દેશમાં રહેવા ઈચ્છે છે. કેમ કે અફઘાનિસ્તાન એક ગરીબ દેશ છે અને અફઘાનિસ્તાનના ૭૦ ટકા લોકો ગરીબી રેખા નીચે રહે છે. તેથી દરેક પશ્ચિમી દેશમાં એક સમૃદ્ધ જીવન માટે વસવા ઈચ્છે છે. આ ડર વિશે નથી. તાલિબાને સીધા સીધા અમેરિકાએ ધમકી આપી દીધી છે. તાલિબાને કહ્યુ કે જો બાઈડન સરકારે અફઘાનિસ્તાનથી પોતાના સૈનિકોને ના બોલાવ્યા તો ગંભીર પરિણામ ભોગવવા પડશે. તાલિબાનના પ્રવક્તા સુહૈલ શાહીને કહ્યુ કે અમેરિકી રાષ્ટ્રપતિ બાઈડેન ૩૧ ઓગસ્ટે અફઘાનિસ્તાન છોડવાની વાત કહી ચૂક્યા છે.

# શિવસેનાના સાંસદ સંજય રાઉતે ભારતના ભાગલા નિવેદન આપ્યું

મુંબઈ, ૨૩

મહારાષ્ટ્રના શિવસેના સાંસદ સંજય રાઉતે અફઘાનિસ્તાનમાં વર્તમાન સમયમાં જે સ્થિતિ સર્જાઈ છે તેની તુલના ભારતના ભાગલા થયા તે સમય સાથે કરી છે. તેમણે આ સ્થિતિમાં એક નવો એંગલ પણ જોડ્યો છે. શિવસેનાના મુખપત્ર સામનામાં પોતાની સાપ્તાહિક કોલમ 'રોખઠોક'માં સંજય રાઉતે લખ્યું કે અફઘાનિસ્તાનની વર્તમાન સ્થિતિ ભારતના ભાગલા થયા તે સમય જેવી છે. ત્યાની સ્થિતિ યાદ અપાવી રહી છે કે કોઈ દેશનું અસ્થિત્વ અને સંપ્રભૂતા ખતમ થવાનું દુખ કેવું હોય છે. સંજય રાઉતના મતે, જો નાથૂરામ ગોડસેએ મહાત્મા ગાંધીની બદલે મહમદ અલી ઝીણાને માર્યા હોત તો દેશનું વિભાજન અટકાવી શકાયું હોત. જો આમ થયું હોત તો ૧૪ ઓગસ્ટને વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ તરીકે ઉજવવાની જરૂર પડી ન હોત. હકીકતમાં સ્વતંત્રાતા દિવસ અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રત્યેક વર્ષ ૧૪ ઓગસ્ટને વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ તરીકે યાદ કરવાની જાહેરાત કરી હતી. સંજય રાઉતે લખ્યું છે કે જ્યાં સુધી ભાગલાને લીધે અલગ થયેલા ભાગને દેશમાં સામેલ ન કરી શકાય ત્યાં સુધી ભારતના ભાગલાનું દુખ કેવી રીતે ઓછું થઈ શકે છે. કેવી રીતે મનને શાંતિ મળી શકે છે. એવું લાગે છે કે અખંડ ભારત બનાવવું જોઈએ, પણ આ શક્ય લાગતુ નથી. જોકે, આપણી આશા ટકેલી છે.

જો વડાપ્રધાન અખંડ ભારત ઈચ્છે છે તો આ બાબતનું હું સ્વાગત કરું છું, પણ તેમણે જણાવવું પડશે કે પાકિસ્તાનના ૧૧ કરોડ મુસ્લિમો અંગે શું કરશું. રાઉતે કહ્યું કે અખંડ ભારતની તરફેણ કરનારાઓએ મુસ્લિમ લીગ અને ટૂ-નેશન થિયરીના વિચારને સ્વીકારી લીધો હતો અને તેમની સામે કોઈ જ લડાઈ લડવામાં આવી ન હતી. મહાત્મા ગાંધી પોલિટીક્સમાં એક્ટિવ ન હતા ત્યારે અંગ્રેજોએ મુસ્લિમોને અલગ મતદાતાઓ તરીકે રજૂ કરી દીધા હતા. જવાહરલાલ નેહરુએ આઝાદી બાદ મુસ્લિમોને અલગ મતદાતા માનવાનો ઈંકાર કરી દીધો હતો. જ્યારે ગાંધીએ મુસ્લિમ નેતાઓની ખોટી માગણીઓ સ્વીકારી નહીં તો તેમણે કોંગ્રેસ છોડી દીધી.

# કાબુલથી જુદા જુદા વિમાનોમાં ૧૪૬ ભારતીયને ભારતમાં લવાયા

કાબુલ, ૨૩

સોમવારે સવારે દોહાથી ૧૪૬ ભારતીયો દિલ્હી પહોંચ્યા હતા. દિલ્હી એરપોર્ટ પર વધુ એક વિમાનભારતીયોને લઈને આવી ગયું છે. એર ઇન્ડિયાની ફ્લાઇટ છૈં૯૭૨ તેમને લઈને આવ્યું છે. અગાઉ, કતાર એરવેઝની ફ્લાઈટ ઊઇ૫૭૮ રવિવારે રાત્રે ૧.૫૫ કલાકે ૩૦ ભારતીયોને લઈએન દોહાથી દિલ્હી પહોંછી હતી. કુલ ૧૪૬ ભારતીયો પરત પહોંચી ગયા છે. આ તમામ લોકોને રવિવારે અફઘાનિસ્તાનમાંથી રેસ્ક્યૂ કરીને કતારની રાજધાની દોહા લાવવામાં આવ્યા હતા. કતારમાં ભારતીય દૂતાવાસે રવિવારે ટ્વિટ કરીને આ માહિતી આપી હતી. કાબુલ એરપોર્ટના ઉત્તર ગેટ પર અફઘાન સૈનિકો, પશ્ચિમી સુરક્ષા દળો અને અજાણ્યા હુમલાખોરો વચ્ચે ગોળીબાર થયો હતો. જર્મન સેનાના જણાવ્યા અનુસાર, તેમાં એક અફઘાન સૈનિક માર્યો ગયો, જ્યારે ત્રણ જવાન ઘાયલ થયા છે. આ લડાઈમાં અમેરિકન અને જર્મન સૈન્ય પણ સામેલ હતું.

શનિવારે કાબુલ એરપોર્ટ પર ભાગદોડમાં અફઘાનિસ્તાનના સાત લોકો પણ માર્યા ગયા હતા. હામીદ કરઝઇ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ભારતીયો અને ૪૬ અફઘાની હિન્દુઓ અને શીખ રાહ જોઈ રહ્યા છે. તેમની પાસે ત્રણ શ્રી ગુરુ ગ્રંથ સાહિબ પણ છે. તેમને ભારતીય વાયુસેનાના વિમાન દ્વારા લઈ જવામાં આવી રહ્યા છે. ભારતે એરફોર્સના પ્લેનમાં અફઘાનિસ્તાનમાંથી ૧૬૮ લોકોને બહાર કાઢ્યા હતા. તેમાં ૧૦૭ ભારતીયો હતા. આ સિવાય છેલ્લા કેટલાક દિવસોમાં અમેરિકા અને NATએ જે ૧૩૫ ભારતીયોને કાબુલથી કતારમાં પહોચાડ્યા હતા, તેમની પણ વતન વાપસી થઈ છે. કાબુલમાંથી ભારતીયોને બહાર કાઢવાની પ્રક્રિયા ચાલુ છે. રવિવારે ૩૯૦ લોકો ત્રણ વિમાનો દ્વારા ભારત પરત ફર્યા, જેમાંથી ૩૨૯ ભારતીય છે. એરફોર્સના સી-૧૭ વિમાનમાંથી ૧૬૮ લોકો પરત ફર્યા જેમાં ૧૦૭ ભારતીયો અને ૨૩ અફઘાની શીખો અને હિન્દુઓનો સમાવેશ થાય છે. અફઘાનિસ્તાનના ૩૪ માંથી ૩૩ પ્રાંત તાલિબાનના કબજામાં આવી ગયા છે. જે બાકી છે તે માત્ર પંજશીર છે, જેના માટે તાલિબાન અને પંજશીરના લડવૈયાઓ વચ્ચે લડાઈ ચાલી રહી છે. તેના વિશે એવા અહેવાલો હતા કે પંજશીર લડવૈયાઓએ રસ્તામાં તાલિબાન પર હુમલો કર્યો. આ હુમલામાં ૩૦૦ તાલિબાન લડવૈયા માર્યા ગયા છે. તાલિબાને આ સમાચારને ખોટા ગણાવ્યા છે. તાલિબાનનો દાવો છે કે તેણે પંજશીરના બે જિલ્લા કબજે કર્યા છે.

અફઘાનિસ્તાન પર કબજો કર્યાના એક સપ્તાહ બાદ તાલિબાન ટૂંક સમયમાં સરકાર બનાવવાની જાહેરાત કરી શકે છે. આ સાથે નવા રાષ્ટ્રપતિના નામની પણ જાહેરાત થઈ શકે છે. તાલિબાનના પ્રવક્તા ઝબીઉલ્લાહ મુજાહિદે ટોલો ન્યૂઝને જણાવ્યું હતું કે નવી સરકાર બનાવવા માટે અફઘાન નેતાઓ સાથે વાતચીત ચાલી રહી છે. તે ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. અફઘાનિસ્તાનમાંથી લોકોનું સ્થળાંતર ચાલુ છે. તાલિબાનના ડર વચ્ચે, ઘણા દેશોના વિમાનો દરરોજ લોકોને સલામત સ્થળે લઈ જઈ રહ્યા છે. રવિવારે યુએસ પ્રમુખ જો બાઈડેને કહ્યું કે અમેરિકાએ ૩૬ કલાકમાં ૧૧,૦૦૦ લોકોને બહાર કાઢ્યા છે. તેમણે એમ પણ કહ્યું કે અમેરિકાએ કાબુલ એરપોર્ટ પર સેફ ઝોનમાં વધારો કર્યો છે. તાલિબાનોએ આમાં તેમની મદદ કરી છે. બાઈડેને એમ પણ કહ્યું હતુ કે કોઈ પણ રસ્તો નથી કે આટલા બધા લોકોને કાબુલમાંથી તકલીફ અને નુકશાન વિના બહાર કાઢી શકાય. તમે લોકો જે હૃદયસ્પર્શી તસવીરો જોઈ રહ્યા છો, તે થવાનું જ હતું. આ લોકોને જોઈને મારું હૃદય દુભાય છે. પરંતુ અંતે, સવાલ એ છે કે, જો અમે અફઘાનિસ્તાન હવે છોડશું નહીં, તો ક્યારે છોડીશું?

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની પાંચ રચનાઓ
વિષય :." શ્રાવણ માસ ના તહેવારો વિષયક રચનાઓ.(૨૪-૮-૨૦૨૧) દિવસ - ૧
( પાંચમો દીવસ)

Jan fariyad & News of Gandhinagar daily
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

---

ન્યૂઝ ઓફ ગાંધીનગર
સાહિત્ય સરિતા ગ્રુપ
NOG SS No : 0089
પ્રકાર : ગદ્ય
વિષય::શ્રાવણ માસના તહેવારો
શીર્ષક ::: રક્ષાબંધન

રક્ષાબંધન, એક લોકપ્રિય, પરંપરાગત રીતે હિન્દુ, વાર્ષિક વિધિ અથવા વિધિ છે, જે બોળચોથ,નાગપાંચમ,રાંધણ છઠ, શીતળા સાતમ, પતેતી પછીનો તહેવાર છે જે દક્ષિણ એશિયામાં ઉજવવામાં આવે છે, અને હિન્દુ સંસ્કૃતિથી પ્રભાવિત વિશ્વભરના લોકોમાં પ્રચલિત શ્રાવણ માસમાં આવે છે ને છેવટે નંદ મહોત્સવ એટલે જન્માષ્ટમીનો તહેવાર પણ.
પર્વો નો શુભાનંદ માણીએ શ્રાવણ મહિના શિવજીના અભિષેકે
વરસાદી દિવસોમાં પણ હિંડોળા ના દર્શન હવે તો ઘેર ઘેર
ઉજવાય છે.
રાખી એવી ડોર,
વગર પાંખે ઉડી જાય
ભાઇની કલાઇ પર
બેનની યાદ બંધાઇ જાય,
કંકુ ચોખાનું તિલક
કાચા સુતરનો તાંતણો.
રક્ષાબંધનના પાવન પર્વે વિનવું છું પ્રભુ ને
ખુશ રહે, તંદુરસ્ત રહે, દુઃખ દર્દથી બચાવે
રેશમનો છે તાર, એક અનોખો સાર બંધને
પહેલું સુખ તે જાતે નર્યા, ભાવ સ્નેહ વરસાવે
ભાવ સ્નેહ નો વહ્યો સરિતા સમ ખાસ રક્ષાબંધને
લીધો ખોળામાં જન્મ્યો ત્યારે આંખો હેત વરસાવે
વહાલ કર્યું હાલરડાં ગાઇ, ઝૂલ્યો પારણિયે સૂઇને
ભીંજાયો તું વહાલમાં હરખાઈ ને જોઇ રાખડી બંધાવે
એજ આશિષ ,એજ અભ્યર્થના , ને એજ લાડુ લઇને
ખુશખુશાલી મારા ગાલે ચુમી કરતો મુજ ખંજને વધાવે
ગણ્યા છે સિતારા ક્યારેક ધ્રુવનો તારલિયો જોઇને
રક્ષા કરજો મુજ ભાઇની"પોતેજ ભેટ છે" કહી હસાવે
રેખા શુકલ.અમેરિકા

---

ન્યૂઝ ઓફ ગાંધીનગર
NOG SS No : 0032
પ્રકાર : પદ્ય
વિષય::શ્રાવણ માસના તહેવારો
શીર્ષક :રક્ષાબંધન

સૂતરનાં તાંતણે બાંધ્યો ,
ભાઈબહેનનો અસીમ પ્રેમ.
દિલથી સાધ્યો છે અમૂલ્ય ,
ભાઈબહેનનો પ્રેમ.
રાખડી રુપી રક્ષા કરે ,
આ બેની મારાં વીરાંની.
મજબૂત છે બંધન અને
મજબૂત એના તાર.
ના તૂટે આ બંધન,
અહેસાસ છે પલ પલના.
પ્રેમ બની બનીને વરસે
ભાઈબહેનનો સ્નેહ,
ભવો ભવનો સાથ,
ના તુટે ના છૂટે...
ઘણું ઘણું લખું તોય
ઓછું જ પડે,
જેનો પર્યાય ક્યાંય ના
મળે તેવો છે મારો ભાઈ.
મા બાપ પછીનો સાચો સથવારો..
પિતા તુલ્ય વાત્સલ્યની ધરોહર...
સુખદુઃખમાં સાથ નિભાવતો...
એવો મારો ભાઈ....
અનેરો ઉપહાર હોય છે ભાઈ ..
લાગણી વિશ્વાસ અને
ભરોસાનો અતૂટ તાર..
મીના માંગરોલીયા મીનું.અમદાવાદ

---

ન્યૂઝ ઓફ ગાંધીનગર
NOG SS No : 100
પ્રકાર : પદ્ય
વિષય : શ્રાવણ માસના તહેવારો
શીર્ષક : રક્ષાબંધન

સપ્તર્ષિના તારા સાત ,લઈ આવું પસલી ની સંગાથ,
બેન ને ભાઈનો સાથ, જીવન તેજછાયા ના ટૂટે રેશમ ગાંઠ.
ઋણાબંધનાં દોરાથી એક બીજાને બાંધીએ આજ
મનની કાંચબારીમા જોઇ છબીમાં બચપણનાં સંગાથ.
વાદળની વેલને ફૂટ્યા ફૂલડાં રજનીના રંગનો સાથ
ચક્ષુના હિંડોળા લઈ બેઠી બેન ભાઈની જુવે વાટ
સુરના આલાપમાં ભાઈનો સંભળાતો ઘડીકમાં પ્રેમનો અણસાર,
રોમરોમ વરસે પસલીએ શક્તિના સાગર સાત
મળીયે શ્વાસે શ્વાસે , છુટ્ટા પડીએ બે ઘડીએ,
જીવતર ગંગા ના પૂર સમુ, ઉડ્યા પ્રેમના અબીલ ગુલાલ,
મળીશું ફરી ફરી આ જીવન ઘાટે, ભાઈ બહેનના દિવ્ય સંબંધ દિગદિગન્તે..
બીજલ જગડ, મુંબઈ , ઘાટકોપર

---

NOG SS No : 0077
વિભાગ:પદ્ય મૌલિક
વિષય:શ્રાવણ માસનાં તહેવારો
શીર્ષક:જન્માષ્ટમી

હે કૃષ્ણ,
હવે જન્મ લો તો સારું....!
બહું જન્માષ્ટમી ઉજવી ,
હવે જરા ફરી
જન્મ ધરો
તો સારું....!
કોણીએ ગોળ લગાડીને ગયાં
તે ગયાં,
હવે ખરેખર
બંટા ગોળી
ખાવા આવો
તો સારું...!
પંચાજીરી તો બહું
ખાધી તેં,
હવે ખરી પંચાત સાંભળવા આવો
તો સારું...!
દર વર્ષે બહુ
ઝૂલાવ્યાં
પારણાં,
ખુલ્લાં બારણે
હવે પધારો
તો સારું....!
આવો ,આવો,
હવે....
બહું થયું....!
આજ છે
જન્માષ્ટમી ,
તમારી રાહમાં ને
રાહમાં તો સૌનું
પરોઢ થયું....!!
સૃષ્ટિ થઈ હવે ત્રાહિમામ,
લો જન્મ....
કરો હવે સૌને પાહીમામ....!
તમે તો કીધું'તું કે ....
સંભવામી યુગે યુગે
હવેની પ્રજા આ વાત નહીં સાંભળે,
મૂંગે મૂંગે...!
વારંવારની રજૂઆતો છતાંય નથી સમજતાં સૌની લાગણીઓ,
બંધ કરો
હવે આ વહેપાર લાગણીનો,
લો જન્મ ને....
સાંભળો સહુની માંગણીઓ ...!!!
આમ તો હું ગણું
તમને મારો
જિગરી મિત્ર,
જો હોવ તમે
અત્ર,તત્ર સર્વત્ર
તો
હે મિત્ર,
લેશમાત્ર ય ના
બગાડો અમારૂં સત્ર,
વગાડો એવો જંત્ર....!!!
ઋતંભરા વિશ્વજીત,ઋત્વિશ્વ

---

NOG:SS:NO.:0101
વિભાગઃ પદ્ય
વિષયઃ શ્રાવણ માસનાં તહેવારો-જન્માષ્ટમી
શીર્ષકઃ આજનો દિવસ રળિયામણો રે

આજનો દિવસ રળિયામણો રે!
મધ્યરાત્રિએ વહાલા પધાર્યા નંદયશોદા ઘેર રે,
ગોકુળમાં દીવા ઘેર ઘેર અંતરમાં પ્રગટ્યા રે,
ગલીએ ગલીએ વા વાયા વહાલાનાં વધામણાંના રે
ચરણસ્પર્શે શાંત જમનાજલ ઉલ્લાસે વહે રે
શેરીએ શેરીએ ફૂલોની સેજ મઘમઘતી રે
સ્નેહતણાં પલનામાં ઝુલાવા વ્રજનાર તલસે રે
પયોધરોમાંથી દૂધની ધારાઓ વહેવા લાગી રે
પૂણ્ય પવિત્ર પ્રભુજીનાં ગુણગાન ગાય દેવો રે
અક્ષરધામથી અધિક થયું ગોવાળનું ઘર રે
વ્રજ બન્યું વૈકુંઠ, ભીડ ઊમટી નંદજીના આંગણે રે
મા યશોદાના ખોળામાં બ્રહ્માંડનો નાથ આળોટ રે
સાચો સંબંધ શામળિયાનો, બાકી સર્વ સ્નેહ કાચા રે
'ભરતદાસહ્ર આનંદે ગાય મારે ગોકુળ-વ્રજ ઘરમાં રે.
( ભરત સાંગાણી )

## ગઝલ..
## વાંધો પડે..

એમ આ ઉંમરને પણ વાંધો પડે.
લેટતા બિસ્તરને પણ વાંધો પડે.
હર કદમ રસ્તા વધાવી લે મને,
જ્યારે મારો ઘરને પણ વાંધો પડે.
જો વધેરો આપ ત્યાં શ્રીફળ કદી,
નાસ્તિકી ઉંબરને પણ વાંધો પડે.
જો ફરી ગિરિરાજને સામે ધરો,
ક્યાં ધરે ?ગિરધરને પણ વાંધો પડે.
એટલે પાછું સજીવન થાય એ,
શબ વિશે આખરને પણ વાંધો પડે.
ટેકીને આકાશ જેને જાળવે,
કેમ એ દાદરને પણ વાંધો પડે?
મન ગુફામાં મૂર્તિઓ સંતાડશે,
જે પળે ઈશ્વરને પણ વાંધો પડે.
શું હશે? મીરાં કહે "પરવેઝ"ને,
પગ વિશે ઝાંઝરને પણ વાંધો પડે!



સતીન દેસાઈ
પરવેઝ દીપ્તિ ગુરૂ
અમદાવાદ.

## અમદાવાદમાં બની રહ્યું છે સ્માર્ટ પાર્કિંગ ઈલેક્ટ્રિક કાર માટે ખાસ ઈ-ઝોન બનશે

અમદાવાદ,૨૩

અમદાવાદ રિવરફ્રન્ટ પર સૌથી વધુ લોકોની અવર-જવર હોય છે. વહેલી સવારથી લોકો જોગિંગ, સાયકલિંગ સહિતની એક્ટિવિટી કરવામાં માટે આવતા હોય છે. તેમજ રવિવાર તેમજ જાહેર રજાના દિવસે અમદાવાદીઓ મોટી સંખ્યામાં રિવરફ્રન્ટની મુલાકાતે આવતા હોય છે. આ સ્થિતિમાં અહીં વાહનો પાર્ક કરવાની ખુબ જ સમસ્યા રહે છે. પરંતુ હાલમાં તૈયાર થઈ રહેલા મલ્ટિલેવલ પાર્કિંગ તૈયાર થઈ ગયા બાદ લોકોને પાર્કિંગની સમસ્યાથી સંપૂર્ણ રાહત મળી જશે. તેમજ હાલમાં અમદાવાદમાં મોટી સંખ્યામાં લોકો ઈલેક્ટ્રીક વાહનો ખરીદી રહ્યા છે. તેને ધ્યાનમાં રાખીને આ સ્માર્ટ પાર્કિંગમાં ઈ-ઝોનની પણ સુવિધા પુરી પાડવામાં આવશે. જેથી લોકો સરળતાથી પોતાના વાહનોને ચાર્જ કરી શકશે. અમદાવાદમાં કુલ ૭૪ પાર્કિંગ પ્લોટ ડેવલપ કરવામાં આવ્યા છે. જેમાં ૫૫,૦૦૦ ટુ વ્હીલર અને ૨૭,૦૦૦ કાર પાર્ક થઈ શકે તેવું આયોજન કરવામાં આવ્યું છે. ચાર મલ્ટીલેવલ પાર્કિંગ, ૪૦ ઓફસ્ટ્રીટ અને ૯ ઓનસ્ટ્રીટ પાર્કિંગ ઉપરાંત ૨૧ ફ્લાયઓવર બ્રિજ નીચે પાર્કિંગ છે. આ સિવાય રોડ પર પાર્ક માટે પણ વાહનો પાસેથી રૂપિયા ઉઘરાવવા આવશે. કોર્ટની ટકોર પછી ત્રણ વર્ષમાં મ્યુનિ–ટ્રાફિક પોલીસે કરેલાં આયોજનો ઉપરાંત લોકોની માનસિકતામા બદલાવ વચ્ચે પણ પાર્કિંગ અને ટ્રાફિક સમસ્યા સાવ હળવી બની નથી. આડેધડ પાર્કિંગ અટકે તો શહેરમાં ટ્રાફિક સમસ્યા હળવી બને તે માટે મ્યુનિ.તંત્રએ પાર્કિંગ પોલિસીમાં ફેરફાર કર્યા છે. ગુજરાતના મેટ્રો સિટી ગણાતા અમદાવાદમાં સ્થાનિકો માટે વધુ એક સુવિધા ડેવલોપ થઈ રહી છે. સ્માર્ટ સિટી અમદાવાદમાં સિટીનું સૌથી મોટું સ્માર્ટ પાર્કિંગ એરિયા બની રહ્યો છે. રિવરફ્રન્ટની પશ્ચિમ બાજુના ઈવેન્ટ ગ્રાઉન્ડની સામે બની રહેલા આ સ્માર્ટ પાર્કિંગમાં ૧ હજારથી વધુ કાર એક જ સમયે પાર્ક કરી શકાશે. સાથે જ ઈલેક્ટ્રિક વાહનો માટે પણ ઈ-ઝોનની વ્યવસ્થા કરવામાં આવશે. આ પ્રોજેક્ટ બની ગયા બાદ રિવરફ્રન્ટ પર ફરવા આવતા લોકોને પાર્કિંગની સમસ્યાથી રાહત મળશે. રિવરફ્રન્ટની પશ્ચિમ બાજુએ ઈવેન્ટ ગ્રાઉન્ડની સામે સ્માર્ટ MLCP (મલ્ટી કાર પાર્કિંગ) વિકાસ હેઠળ છે. ઉપરાંત, ફૂટ-ઓવર બ્રિજ સીધો સ્ન્ઝ઼ સાથે જોડવામાં આવશે, આમ ફૂટ-ઓવર બ્રિજની મુલાકાત લેનારા લોકો સ્ન્ઝ઼ પર તેમના વાહનો પાર્ક કરી શકશે. લોકો ફૂટ-ઓવર બ્રિજનો ઉપયોગ કરીને MLCથી સીધા ફ્લાવર પાર્ક અથવા રિવરફ્રન્ટના સહેલગાહ પર જઈ શકે છે. આ સ્માર્ટ સ્ન્ઝ઼ આપમેળે પાર્કિંગની ઉપલબ્ધતા બતાવશે અને કોઈપણ રેમ્પ્સ વગર દેશની પ્રથમ સિસ્ટમ છે. તેમાં ૧૦૦૦ કારની ક્ષમતા હશે અને ઈલેક્ટ્રોનિક વાહનો માટે તેમના વાહનને ચાર્જ કરવા માટે ઈ-ઝોન પણ હશે.

## ગામમાંથી વહેતા દૂષિત પાણીના કારણે સાબરમતી નદી થઈ રહી છે પ્રદૂષિત

ગાંધીનગર,૨૩

મુખ્યપ્રધાન વિજય રૂપાણી સહીત પ્રધાનોના નિવાસ સ્થાનથી અડીને આવેલા બોરીજ ગામમાં પણ પ્રાથમિક સુવિધાઓનો અભાવ જોવા મળે છે. બોરીજ ગામમાં અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ વ્યવસ્થા ન હોવાને લીધે ખુલ્લામાં ગટરનું પાણી છોડી દેવાય છે. જેનું સીધું કનેક્શન સાબરમતી નદીમાં કરી દેવાયું છે જેના લીધે સાબરમતી નદી પ્રદૂષિત બની રહી છે. બોરીજ ગામમાં ડ્રેનેજ પમ્પીગ સ્ટેશન બનાવવામાં તો આવ્યું છે. પણ તેનું યોગ્ય મેઈન્ટેન્સ ન થવાને લીધે છેલ્લા ઘણા વર્ષથી બંધ હાલતમાં છે, જેને પરિણામે ગામમાં ગટરના પાણી ઉભરાઈ રહ્યા છે. જેનું સીધું કનેક્શન સાબરમતી નદીમાં ગેરકાયદેસર રીતે કરીને ગંદુ પાણી છોડવામાં આવી રહ્યું છે. જેનાથી ગ્રામજનો પરેશાન થઈ રહ્યા છે. અનેક વખત ગામ લોકોએ મહાનગર પાલિકાના અધિકારીઓ અને સ્થાનિક સત્તાવાળાઓને રજુઆત કરી છે, પણ તેનું કોઈ પરિણામ આવ્યું નથી.બોરીજ પમ્પીગ સ્ટેશન જે ઘણા સમયથી એટલે કે જ્યારે બન્યું ત્યારથી ચાલુ જ નથી થયું છેલ્લાં ૧૦ વર્ષ થી આ સંપૂર્ણ પણે બંધ છે અને ગામનું દૂષિત પાણી સાબરમતી નદીમાં ખુલ્લે વહી રહ્યું છે. જેથી રોગચાળો અને મચ્છરનો ઉપદ્રવ વધી ગયો છે. તેમ છતાં આજ દિન સુધી સત્તાધીશો કે તંત્રને આ સમસ્યા ધ્યાને આવેલ નથી.ગ્રામજનોએ વારંવાર રજૂઆત કરવા છતાં આજ દિન સુધી આ પ્રશ્નનો ઉકેલ આવેલ નથી. આ અંગે આદમી પાર્ટીના લાલભાઈ વણજાર,ભરતજી ઠાકોર,બાબુજી ઠાકોર અને સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે, ૯ વર્ષ કરતા વધુ સમયથી સમાવિષ્ટ થયેલા ગામોને જીએમસી કે પાટનગર યોજના વિભાગ ગટર પાણી રસ્તા, બાગબગીચા, રંગમંચ સહિતની પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં નિષ્ફળ ગયું છે.

## માણાવદરમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી



માણાવદર

રક્ષાબંધન પર્વ એટલે ભાઈ અને બહેનના પવિત્ર સંબંધનું પર્વ રક્ષાબંધન દર વર્ષે શ્રાવણ સુદ પૂનમના દિવસે ઉજવાય છે. આ દિવસે બહેન ભાઈની રક્ષા માટે તેના હાથમાં રક્ષા કવચ બાંધે છે. અને ભાઈની રક્ષા માટે ભગવાનને પ્રાર્થના કરે છે. ત્યારે ભાઈ પણ બહેનને વચન આપે છે કે, જીવનમાં ક્યારેય પણ મારી મદદની જરૂર પડે તો હુ રાત દિવસ જોયા વગર તારી વહારે આવીશ આવા વચનોથી ભાઈ બહેનનો આ પવિત્ર તહેવાર આજે પણ ભાઈ બહેનની રક્ષા કરે છે. અને બહેન પોતાના વીર ને રાખડી બાંધવા જો વિદેશમાં હોય તો પણ આ દિવસે તો જરૂર ભાઈ પાસે આવે છે. રક્ષાબંધનનો તહેવાર દરેક ભાઈ બહેન ના ઉમંગ નો તહેવાર માનવામાં આવે છે. અને આ દિવસે ભાઈ બહેનને રક્ષા કવચ બાંધ્યા પછી તેની મન પસંદ વસ્તુ ભેટ સ્વરૂપે બહેનને અર્પણ કરે છે અને બહેન ના સુખ દુઃખમાં સાથ આપવાનું ભાઈ વચન આપે છે.રક્ષાબંધન ના દિવસે દરેક બહેન પોતાના ભાઈની કીર્તિ થાય એ માટે ભગવાનને પ્રાર્થના કરે છે. આ રક્ષાબંધનનો તહેવાર ભાઈ બહેનના સંબંધ ને મજબુત બનાવે છે. ત્યારે માણાવદરમાં પણ ઉમંગ સાથે રક્ષાબંધનના પર્વની ઉજવણી કરવામાં આવી હતી

અહેવાલ -જીગ્નેશ પટેલ માણાવદર

## 'તાલિબાન : ભારત સામે નવું આવાહન આ વિષય પર ઑનલાઈન વિશેષ સંવાદ !

## પાકિસ્તાન દ્વારા તાલિબાનીઓનો કાશ્મીરમાં ઉપયોગ થવાની સંભાવના; ભારતીય સેના રોકડો ઉત્તર આપવા માટે સક્ષમ ! - બ્રિગેડિયર હેમંત મહાજન




અફઘાનિસ્તાનમાં કરવામાં આવેલા સત્તાપાલટ પાછળ પાકિસ્તાનની મોટી ભૂમિકા છે. ત્યાં લડનારા ૫૦-૬૦ હજાર તાલિબાની આતંકવાદીઓની સાથે પાકિસ્તાનની ૩૦-૪૦ હજારની સેના અને સેનાધિકારી છે. તેઓ તાલિબાનને નેતૃત્વ આપવાની ભૂમિકા બજાવી રહ્યા છે. તાલિબાન સામે બળવાન અમેરિકા, તેમજ ૩ લાખ અફઘાનીસ્તાની સેનાને પીછેહઠ કરવી પડી તેથી તેમની હિંમત વધી ગઈ છે. તેથી પાકિસ્તાન દ્વારા આ તાલિબાનીઓનો ઉપયોગ કાશ્મીરમાં આતંકવાદી કાર્યવાહીઓ માટે કરવાની શક્યતા છે. એમ હોવા છતાં આ પહેલાં 'ઑપરેશન જિબ્રાલ્ટર' અને અન્ય યુદ્ધના સમયે પાકિસ્તાને પઠાણ, પખ્તૂનની ૧૫-૨૦ હજાર કરડી આતંકવાદી ટોળીઓની સહાયતા લઈને ભારત પર આક્રમણ કર્યું હતું. ત્યારે ભારતીય સેનાએ હજારો આતંકવાદીઓને મારીને તેમને ભગાડી દીધા હતા. ભારતની સેના મેદાનમાં ઉતરીને રોકડો ઉત્તર આપનારી હોવાથી કાશ્મીરમાં તાલિબાનીઓએ જો આક્રમણ કર્યું, તો તેને ચોખ્ખો ઉત્તર આપવામાં આવશે, એવું સ્પષ્ટ પ્રતિપાદન 'સેનાના ૧૮ ગૅલેંટ્રી પુરસ્કાર મળેલા (સેવાનિવૃત્ત) બ્રિગેડિયર હેમંત મહાજને કર્યું. તેઓ 'હિંદુ જનજાગૃતિ સમિતિ' આયોજિત 'તાલિબાન : ભારત સામે નવું આવાહન' આ 'ઑનલાઈન' વિશેષ સંવાદમાં બોલી રહ્યા હતા. આ કાર્યક્રમ ૧૩ હજાર લોકોએ નિહાળ્યો.

આ સમયે બોલતી વેળાએ હિંદુ જનજાગૃતિ સમિતિના રાષ્ટ્રીય માર્ગદર્શક સદગુરુ (ડૉ.) ચારુદવ પીંગળેએ કહ્યું કે, સમાજવાદી પાર્ટીના સંસદ શફીકુર્રહમાન બર્ક, તેમજ મુનવ્વર રાણા અને સ્વરા ભાસ્કરે અપ્રત્યક્ષ રીતે તાલિબાનની બાજુ લઈને ભારતને અંતરરાષ્ટ્રીય સ્તર પર અપકીર્ત (બદનામ) કર્યું છે. ખરું જોવા જઈએ તો આ લોકશાહી અને સેક્યુલિરીઝમનો પરાભવ છે. અફઘાનિસ્તાનમાં તાલિબાની આતંકવાદીઓના અમાનવીય કૃત્યો જોઈને પણ 'સંયુક્ત રાષ્ટ્ર સંઘ' ચૂપ છે. તે જયારે કાશ્મીરમાંથી સાડાચાર લાખ હિંદુઓને પલાયન કરવું પડ્યું ત્યારે પણ ચૂપ હતું. આવા સમયે તાલિબાનને લીધે ભારત સામે નિર્માણ થયેલા સંકટનો હવે સર્વ હિંદુઓએ ભેગા થઈને સામનો કરવો જોઈએ. આપણને છત્રપતિ શિવાજી મહારાજની યુદ્ધનીતિનો ઉપયોગ કરીને હિંદુ રાષ્ટ્ર સ્થાપના માટે લડાઈ કરવી પડશે.

ભારત રક્ષા મંચના રાષ્ટ્રીય મહાસચિવ શ્રી. અનિલ ધીરે કહ્યું કે, ફ્રાન્સ અને ઈસ્રાયલે મુસલમાનો પર અત્યાચાર કર્યા એવો આરોપ કરીને સમગ્ર જગત્ના મુસલમાનો તેમનાં નિષેધ માટે હિંસક મોર્ચો કાઢે છે; પરંતુ અફઘાનિસ્તાનમાં તાલિબાની આતંકવાદીઓ મુસલમાનોને નિર્દયી રીતે મારી રહ્યા છે ત્યારે આ બધા ચૂપ શા માટે છે ? આ ઈસ્લામી દેશો અને સંગઠનાઓની બેવડી ભૂમિકા છે, ઢોંગીપણું છે. આજે તાલિબાનની ભૂમિકા પરથી પાક અને ચીન ખુશ હોય, તો પણ ભવિષ્યમાં તેઓ અડચણમાં આવ્યા વિના નહીં રહે.

રમેશ શિંદે,

# અરવલ્લી જિલ્લામાં વાંસળી,તબલા અને હાર્મોનિયમ (હળવુ) સ્પર્ધાનું આયોજન કરાયું

મોડાસા,

માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા તા.૦૧/૧૦/૨૦૨૦ ના રોજ ગુજરાતના યુવાધનને યોગ તથા શારીરીક સશક્ત બનાવવાના હેતુથી વર્તમાન મોબાઈલ ટેકનોલોજીના વપરાશ સાથેના અભિગમથી "મોબાઈલ ટુ સ્પોર્ટ્સ" ના અભિયાનની નવતર પહેલ કરી છે. હાલના કોરોના (કોવિડ-૧૯) ની મહામારીના વિષમ સંજોગોમા ફેસબુક,વોટ્સએપ,ઈન્સ્ટાગ્રામ તથા વિડીયો ગેઈમ્સ જેવી પ્રવુતિઓમાં અત્યંત કિમતી સમય વેડફતા યુવાધનની હકારાત્મક રીતે ક્રીયાશીલ કરવા રમતગમતની પ્રવુતિઓ તરફ આકર્શીત કરવા એ સમયની તાતી જરુરીયાત છે. યુવાધનનો શારીરીક અને માનસીક વિકાસ થાય ઉત્તમ રીતે થાય તે હેતુથી સરકારશ્રી વર્ષ ૨૦૨૦/૨૧ દરમ્યાન "મોબાઈલ ટુ સ્પોર્ટ્સ" ની નવી યોજના મંજુર કરેલ છે આ યોજનાનું મોબાઈલ ટુ સ્પોર્ટ્સ ફેસબુક પેજ,યુ-ટ્યુબ ચેનલ,રેડીયો ક્વીઝ,ચીત્ર સ્પર્ધા,ટેલીવીઝન તેમજ સોશીયલ મીડીયા સબંધીત માધ્યમો દ્વારા ખ્યાતનામ ખેલાડીઓની વિગતો,ઓડીયો/વિડીયો ક્લીપ રજુ કરી યુવાનોને રમતગમતની પ્રવુતિઓ માટે પ્રેરણાસહ આકર્ષીત કરવામાં આવશે. આ હેતુને સુચારૂ પાર પાડવા રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવુતિઓ વિભાગ હસ્તકની કમિશ્નરશ્રી,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવુતિઓની કચેરી,ગાંધીનગર તથા જિલ્લા રમતગમત અધિકારીની કચેરી,અરવલ્લી દ્વારા સંયુક્ત રીતે "વાદન ((૧) વાંસળી (૨) તબલા (૩) હાર્મોનિયમ (હળવુ) સ્પર્ધા") નું આયોજન કરેલ છે. જેમાં જુદાજુદા વયજુથ પ્રમાણે કલાકારો ભાગ લઈ શકશે. જેમાં ૬ થી ૧૪ વર્ષ સુધીના,૧૫ થી ૨૦ વર્ષ સુધીના,૨૧ થી ૫૯ વર્ષ સુધીના તેમજ ૬૦ વર્ષથી ઉપરના ઓપન વયજુથમાં ભાગ લઈ શકશે.ઉક્ત સ્પર્ધાની વિડીયો ક્લીપ તૈયાર કરી તા.૧૫/૦૯/૨૦૨૧ બપોર કલાક.૧૨:૦૦ વાગ્યા સુધીમાં જિલ્લા રમતગમત અધિકારીશ્રીની કચેરી અરવલ્લી,બ્લોક નં.એ.એસ.૧૪ બીજો માળ,જિલ્લાસેવાસદન, શામળાજીરોડ,મોડાસા. અરવલ્લીપીન.૩૮૩૩૧૫ઈ-MailIDdsoaravalli05@gmail.com તથા મો.નંબર (૧) ૯૪૨૯૧૭૮૫૪૬ (૨) ૮૭૮૦૮૫૧૬૮૦ અને (૩) ૯૪૦૮૪૭૩૭૩૯ પરતા.૧૫/૦૯/૨૦૨૧ સુધી મોકલવાનું રહેશે. જિલ્લાકક્ષાની સ્પર્ધામાં પ્રથમ વિજેતાને રૂ.૧૦૦૦/-,દ્રીતીય વિજેતાને રૂ.૭૫૦/- તેમજ તૃતિય વિજેતાને રૂ.૫૦૦/- નું ઈનામ આપવામાં આવશે જયારે રાજયકક્ષાની સ્પર્ધામાંથી ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે. તેઓ પૈકી પ્રથમ વિજેતાને રૂ.૨૫૦૦૦/- દ્રીતિય વિજેતાને રૂ.૧૫૦૦૦/- અને તૃતિય વિજેતાને રૂ.૧૦૦૦૦/- એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય સાત વિજેતાઓને રૂ.૫૦૦૦/- (પ્રત્યેકને) મુજબ આશ્વાસન ઈનામો આપવામાં આવશે.

આ અંગેની વધુ માહીતી "મોબાઈલ ટુ સ્પોર્ટ્સ" યોજના અંતર્ગત ફેસબુક પેજ https://www.facebook.com/mbl2ptCuPwawfu[™™®fp//www.youtube.com/channel/UCzsjROvtHpN4rkensUaz-g પરથી મળી શકશે.

"વાદન વાંસળી, તબલા અને હાર્મોનિયમ (હળવુ)") ની જિલ્લાકક્ષાની સ્પર્ધામાં સ્પર્ધકે પોતાનું નામ,સરનામુ,મોબાઈલ નંબર, ઈ-મેઈલ આઈડી,સ્કુલનું નામ અને સરનામું વગેરે બાબતોનો વિડીયો ક્લીપમાં ઉલ્લેખ કરવાનો રહેશે. તથા વિડીયો ક્લિપ સાથે આધારકાર્ડ,ચુંટણીકાર્ડ,ડ્રાઈવિંગ લાઈસન્સ તથા પાસબુકના પ્રથમ પાનાની ઝેરોક્ષ અત્રેની કચેરીએ મોકલવાની રહેશે, વાંસળી, તબલાનો સમય ૦૭ મિનીટ અને હાર્મોનિયમ (હળવુ)") નો સમય ૬ મિનીટ રાખવામાં આવેલ છે. દરેક સ્પર્ધામાં એક (૧) સહાયક લઈ શકાશે એમ જિલ્લા રમત ગમત અધિકારી અરવલ્લીની એક અખબારી યાદી દ્વારા જણાવાયુ છે.

# સમગ્ર બ્રાહ્મણ સમાજ માટે જનોઈ ધારણ કરવાનો સમુહમાં કાર્યક્રમ યોજવામાં આવ્યો



શ્રાવણી પૂનમ.રક્ષાબંધન.નાળિયેરી પૂનમને બળેવ એટલે ઉત્વનો દિવસ. બળેવ એટલે ભાઈ બહેન નો એક પવિત્ર તહેવાર બળેવના દિવસે બહેન ભાઈને રક્ષા વિભાગે તેની રક્ષા કરવા માટે ભગવાન ને પાર્થના કરે સામે ભાઈ આજીવન બેન માન-સન્માનની રક્ષાનું વચન આપે છે તેમજ આ દિવસે બ્રાહ્મણ સમાજ માં જૂના યજ્ઞોપવિત પરિત્યાગ કરી નવ યજ્ઞ પવિત ધારણ કરવાનું રિવાજ ચાલ્યો આવે છે

લુણાવાડા તાલુકાના રક્ષાબંધન નિમિત્તે ધારાસભ્યશ્રી જીગ્નેશભાઈ સેવક દ્વારા સમસ્ત બ્રહ્મજનોને યજ્ઞ પવિત ધારણ કરવા નિમંત્રણ આપવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં બ્રાહ્મણ ઉપસ્થિત રહ્યા હતા તથા આચાર્ય શ્રી જીગ્નેશ ભાઈ શુક્લ દ્વારા તેમજ અન્ય બટુક બ્રાહ્મણો દ્વારા વૈદિક મંત્રોચાર થી તમામ ભૂદેવોને યજ્ઞ પવિત બદલાવી હતી તેમજ મંત્રોમય વાતાવરણ ઉભુ થયુ હતું

રિપોર્ટ. ભીખાભાઈ માછીમહીસાગર

# એલસીબી પોલીસે વૈડીના લિસ્ટેડ બુટલેગર અરવિંદ કટારાના ઘરે ત્રાટકી ૩૪૭ બોટલ દારૂ જપ્ત કર્યો



અરવલ્લી જિલ્લામાં દેશી વિદેશી દારૂની હેરાફેરી અને વેચાણ અટકાવવા માટે પોલીસ દોડી રહી છે જીલ્લા એલસીબી પોલીસને વૈડી ગામના લીસ્ટેડ બુટલેગર અરવિંદ કટારાના ઘરે ત્રાટકી ઘરમાં સંતાડી રાખેલા ૩૨ હજારથી વધુનો વીદેશી દારૂ ઝડપી પાડ્યો હતો બુટલેગર અરવિંદ કટારા એલસીબી પોલીસને થાપ આપી નાસી છૂટ્યો હતો

એલસીબી પોલીસે ઈસરી પોલીસને ઉંઘતી રાખી પ્રોહી રેડ કરતા ઈસરી પોલીસની કામગીરી સામે અનેક સવાલો પેદા થયા છે

રાજયમાં દારૂબંધી હોવા છતાં પરપ્રાંતમાંથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ઘુસાડવામાં આવતો હોય છે ત્યારે જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં દારૂની હેરાફેરી અને વેચાણ અટકાવવા પોલીસ દોડી રહી છે.અરવલ્લી એલસીબી પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે વૈડી ગામનો લીસ્ટેડ બુટલેગર અરવિંદ છગન કટારા રાજસ્થાનના ઢેકવા ગામે આવેલા વીદેશી દારૂના ઠેકા પરથી બોલેરો જીપમાં વિદેશી દારૂ વેચાણ માટે ભરી લાવી ઘરમાં સંતાડી રાખ્યો છેની બાતમી મળતા એલસીબી પોલીસ લિસ્ટેડ બુટલેગર અરવિંદ છગન કટારાના ઘરે રેડ કરી ઘરમાં સંતાડી રાખેલ વિદેશી દારૂ અને બીયરના ટીન નંગ-૩૪૭ રૂ.૩૨ હજારથી વધુનો જથ્થો જપ્ત કરી અરવિંદ છગન કટારા અને વિદેશી દારૂનો જથ્થો ભરી આપનાર ઢેકવાના અજાણ્યા બુટલેગર વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

### અમદાવાદ જિલ્લા વહીવટીતંત્રની પહેલ

# કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીના સંસદીય મતવિસ્તારમાં વિવિધ ૨૫ યોજનાના ૧૦૦ ટકા લક્ષ્યાંકને સિદ્ધ કરવા ખાસ કેમ્પનું આયોજન



કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના સંસદીય મતવિસ્તારના સાણંદ અને બાવળા તાલુકાના ૧૦૩ ગામોમાં કેન્દ્ર અને રાજય સરકારની ૨૫ યોજનાઓને ઘર-ઘર સુધી પહોંચાડવા માટે પાયલટ પ્રોજેક્ટનો શુભારંભ કરવામાં આવ્યો છે. સાણંદ તાલુકાના ચાંગોદર ગામે આ પ્રોજેક્ટના શુભારંભ પ્રસંગે સાણંદ પ્રાંત અધિકારી શ્રી જે.જે.પટેલે જણાવ્યું હતું કે, જિલ્લા કલેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ ૨૫ યોજનાઓના ૧૦૦ ટકા લક્ષ્યાંકને હાંસલ કરવા માટે વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, આ અંગે લાભાર્થીઓનો સર્વે પણ હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રસંગે પ્રાસંગિક ઉદબોધન ડીઆરડીએના ડાયરેક્ટર શ્રી આઈ.એસ.આહિરે જણાવ્યુ હતું કે,''આ પાયલટ પ્રોજેક્ટ ભવિષ્યના અમલીકરણ માટે દિવાદાંડીરૂપ બનશે.''તેમણે વધુમાં ઉમેર્યું હતું કે,જે લાભાર્થીઓને યોજનાના લાભ મળવાપાત્ર છે, તેમનો સમાવેશ કરવા માટેનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે કુંવરભાઈનું મામેરુ યોજના, પાલક માતા-પિતા યોજના, મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના, વ્હાલી દીકરી યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના જેવી રાજય સરકારની અને ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, ઉજ્જવલા યોજના, પીએમ કિસાન સહાય યોજના અને પીએમ કુસુમ જેવી કેન્દ્રની યોજનાનો લાભ લાભાર્થીઓને આ કેમ્પ દ્વારા મળશે.

# રક્ષાબંધનના દિવસે ભાઈને રાખડી બાંધવા આવેલી પત્નીને પરત લઈ જવાની જીદ કરી પતિ પુલ પર લટક્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન આશીર્વાદ રૂપ સાબિત થઈ રહી છે અનેક લોકોના ઘર સંસાર તૂટતાં બચાવ્યા છે.તો અનેક મહિલાઓ અને યુવતીઓની રંજાડ કરતા શખ્શોને કાયદાકીય પાઠ પણ ભણાવ્યા છે અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાના વડાગામ ગામે રક્ષાબંધનમાં ભાઈને રાખડી બાંધવા આવેલી પત્નીને તેના પતિએ ઘરે લઈ જવાની જીદ કરવાની સાથે માનશીક ત્રાસ આપી આત્મહત્યાની ચીમકી આપી ગામ નજીક પસાર થતી નદીના પુલ પર લટકી જતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા પતિના કૃત્યથી હિબકાઈ ગયેલી પત્નીએ ૧૮૧ અભયમ ટીમને જાણ કરતા ૧૮૧ અભયમ ટીમ ઘટનાસ્થળે પહોંચી પુલ પર લટકેલ પતિને આત્મહત્યા ન કરવા સમજાવી પુલ પરથી નીચે ઉતરાવ્યો હતો તેમજ પતિ-પત્નીને પ્રેમથી સમજાવી કુટુંબ સાથે પરત મોકલી આપતા સુખદ અંત આવ્યો હતો પતિએ કરેલા ડ્રામાથી લોકોને મફતમાં મનોરંજન મળ્યું હોય તેવો ઘાટ સર્જાયો હતો

ધનસુરાના વડાગામ ગામે એક મહીલા રક્ષાબંધન પર્વને લઈને થોડા દિવસ અગાઉ ભાઈને રાખડી બાંધવા આવ્યા હતા રક્ષાબંધનના દિવસે મહીલાનો પતિ પીયરમાં આવી તાત્કાલીક ઘરે જવાની જીદ પકડાતા મહિલા અને તેના પરિવારજનોએ જમાઈને સમજાવવા છતાં ટસનો મસ ન થતા અને પત્ની પીયર નહી આવે તો આત્મહત્યાની ચીમકી આપી ગામ નજીક પસાર થતી નદીના પુલ પર લટકી જતા ભારે અફડાતફડી મચી હતી યુવકની પત્નીએ ૧૮૧ અભયમ હેલ્પલાઈનનો સંપર્ક કરતા અરવલ્લી અભયમ ટીમના કાઉન્સીલર ચેતના ચૌધરી, કોન્સટેબલ ભાવના બેન પાયલોટ કમલેશભાઈ સાથે તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી પુલ પર લટકેલો યુવક નદીમાં ન કૂદી પડે તે રીતે પ્રેમથી સમજાવી પુલ પરથી નીચે ઉતાર્યો હતો

મહીલાનો પતિ પુલ પરથી ઉતર્યા પછી ૧૮૧ અભયમ ટીમે કાયદા અંગે સમજ આપી હતી અને કાયદાનું ભાન કરાવી તેના માતા-પીતા અને કુટુંબીજનોને બોલાવી લીધા પછી યુવક પાસે તેની પત્ની અને બાળકોને પ્રેમથી રાખવા અને માનસિક હેરાનગતિ નહી કરવાની લેખીત બાંહેધરી લઈ પતિ-પત્નીને પ્રેમથી સમજાવી સમાધાન કરી પત્નીને પતિ સાથે સાસરી માં મોકલી આપી એક પરીવાર વીખરાતો બચાવી લીધો હતો મહિલા અને તેના પરિવારજનોએ ૧૮૧ અભયમ હેલ્પલાઈનનો આભાર માન્યો હતો

# સાણંદ ના પુરાણ પ્રસિદ્ધ સોમનાથ મહાદેવ માં પંડિત પરિવાર દ્વારા રુદ્રાભિષેક કરાયો



સાણંદ ના જાનીવાસ માં આવેલ પુરાણ પ્રસિદ્ધ એવા સોમનાથ મહાદેવ માં પવિત્ર શ્રાવણ માસ ના ત્રીજા સોમવારે સોમનાથ મહાદેવ માં પંડિત પરિવાર દર વર્ષે કરવામાં આવે છે તેવી જ રીતે મહાદેવ ની આરાધના કરવામાં આવી હતી.

મહાદેવ ઉપર વિવિધ દ્રવ્યો થી અભિષેક..બિલ્વવા અર્પણ તથા ફૂલ હાર તથા ફૂલોની જટા થી મહાદેવ ને ચઢાવવા આવી હતી..પુરણોક્ત રુદ્રાભિષેક નો પ્રયોગ મહાભારત ના દ્રોણ પર્વમાં માં આવેલ છે ભગવાન કૃષ્ણ ના કહેવાથી અર્જુને આ મંત્રો થી મહાદેવજી ઉપર જલાભિષેક કરેલ તે મંત્રો થી....નમો ભવાય સર્વાય.. થી અભિષેક કરવામાં આવેલ..ગાયત્રી..મૃત્યુંજય ના સંજીવની મંત્ર થી બીલી ચઢાવી ને મહાદેવજી ની આરાધના કરવામાં આવી હતી.

પંડિત પરિવાર ના વિજય પંડિત..જીતેન્દ્ર પંડિત..મનોજ પંડિત..ધ્રુવ પંડિત..હિરેન પંડિત.. મિત પંડિત...આકાશ દવે...રુદ્ર પંડિત...દ્વારા વિવિધ દ્રવ્યો દ્વારા અભિષેક..બિલ્લીપત્રો ..ફૂલ હાર અર્પણ કરી ને મહાદેવ ની આરતી ઉતારી ને સૌ નું કલ્યાણ કરે તેવી મહાદેવ ને પ્રાર્થના કરવામાં આવી હતી.અને ૐ નમઃ શિવાય મંત્ર ની ધૂન થી મહાદેવ મહાદેવ ની ભાવ પૂર્વક આરાધના કરવા મા આવી હતી

# સમસ્ત મહાજનનાં નેતૃત્વમાં એનીમલ હેલ્પલાઈન, રાજકોટની ટીમ અયોધ્યા પહોંચી

પરદુઃખે ઉપકાર કરવો એ માનવ જીવનને સાર્થક કરવાની પહેલી શરત છે. સમસ્ત મહાજનનાં અગણિત સેવાકાર્યનાં પાયામાં આ શુધ્ધ ભાવના, ગુરૂદેવોની પરમ કૃપા, સાધુ-સાધ્વી ભગવંતોનાં આશીર્વાદ તથા માર્ગદર્શન, દાતાઓનો સબળ સાથ અને ટ્રસ્ટીઓ, કાર્યકર્તાઓનો સેવા કરવાનો અખૂટ ઉત્સાહ સમાયાં છે. કોરોના વાઈરસે સર્જેલી અકલ્પનીય પરિસ્થિતિ અને લોકડાઉનથી લઈને હમણાંનાં અનલોક નાં સમય સુધી સમસ્ત મહાજને જે સુકૃતો કર્યા છે એ અસાધારણ અને ખરા અર્થમાં અનુમોદનીય છે. સમસ્ત મહાજનનાં નામથી આખો દેશ પરિચિત છે. સેવાની વાત આવે, પરોપકારની વાત આવે કે વાત આવે અનુકંપા અને જીવદયાની, સમસ્ત મહાજન દરેક મોરચે ઉત્કૃષ્ટ કાર્યો કરતી આશીર્વાદરૂપ સંસ્થા બની છે. શ્રી રામ ભગવાનની જન્મભૂમિ અયોધ્યા ખાતે થોડા મહિનાઓ પૂર્વે સમસ્ત મહાજનની ટીમ સાથે અયોધ્યાનાં સતાધીશોની સત્તાવાર મુલાકાત યોજાય ગઈ. આ મિટિંગમાં ખાસ મુંબઈથી ભારત સરકારના એનિમલ વેલ્ફેર બોર્ડના સદસ્ય તેમજ સમસ્ત મહાજનનાં ટ્રસ્ટી શ્રી ગિરીશભાઈ શાહે અયોધ્યા નગર નિયામક (મેયર) ઋષિકેશ ઉપાધ્યાય, અયોધ્યા વિકાસ પ્રાધિકરણ (જેના અધ્યક્ષ રાજ્યનાં મુખ્ય મંત્રી શ્રી યોગી આદિત્યનાથજી છે)નાં વાઈસ ચેરમેન અને મ્યુનિસિપલ કમિશનર વિશાલ સિંહ તેમજ અન્ય સત્તાધીશો સાથે અયોધ્યામાં આદર્શ ગૌશાળા - પાંજરાપોળનું નિર્માણ, નિર્વાહ, વિસ્તૃતિકરણ, આધુનિકીકરણ અને જીવદયા વિષયક વાર્તાલાપ કર્યો હતો. મુંબઈથી ઉપસ્થિત સમસ્ત મહાજનની ટીમ દ્વારા આ તબક્કે સત્તાધીશોને ગૌશાળાનાં વિકાસ અંગેનું પ્રેઝન્ટેશન પણ પ્રસ્તુત કર્યું હતું. સમગ્ર દેશની હજારો જીવદયા સંસ્થાઓ, ગૌશાળાઓ, પાંજરાપોળોનાં માર્ગદર્શક અને વૈશ્વિક સંસ્થા સમસ્ત મહાજનનાં મેનેજિંગ ટ્રસ્ટી તેમજ ભારત સરકારનાં જીવજંતુ કલ્યાણ બોર્ડનાં સદસ્ય શ્રી ગિરીશભાઈ શાહે પોતાનો અનુભવ સિદ્ધ માર્ગદર્શન આપ્યું હતું તેમજ અયોધ્યા ખાતે સમગ્ર વિશ્વમાં સર્વશ્રેષ્ઠ સ્વાવલંબી જીવદયા સંસ્થા , પાંજરાપોળ, ગૌશાળા કેવી રીતે બનાવી શકાય એ અંગે પોતાનું પ્રેઝન્ટેશન આપ્યું હતુ. આ ઉપરાંત સમસ્ત મહાજનની ટીમ અયોધ્યા ખાતે કાર્યરત ગૌશાળાની મુલાકાતે પણ ગઈ હતી અને ત્યાં પણ ખૂબ રચનાત્મક સૂચનો ટીમ દ્વારા કરવામાં આવ્યા હતા. આ મિટીગમાં સમસ્ત મહાજનનાં ગિરીશભાઈ શાહની સાથે મિત્તલ ખેતાણી, અયોધ્યાનાં સ્થાનીય જીવદયા અગ્રણી પ્રવીણ દુબે, સૌરવ ઘોષ, પવનભાઈ સહિતનાઓ હાજર રહ્યા હતા. અયોધ્યામાં આવેલ કાન્હા ઉપવનમાં ગૌશાળામાં ૧૪૦૦ જેટલી ગૌમાતાઓ, ગૌ વંશ આવેલા છે. પરંતુ હાલમાં જ આવેલ વાવાઝોડાને કારણે મુશળધાર વરસાદનાં કારણે નિર્માણાધીન ગૌશાળામાં કીચડ, માટી, પાણીથી બહુ જ ખરાબ પરિસ્થિતિ થઈ ગઈ હતી. જેથી ચોમાસામાં યુધ્ધના સ્તરે અનુભવી, સુયોજીત, પ્રશિક્ષીત તથા ગૌશાળાનાં પ્રબંધકો તથા કાર્યકરોની ખૂબ આવશ્યકતા હતી. આ અંગે સમસ્ત મહાજનનાં ગીરીશભાઈ શાહનાં નેતૃત્વ હેઠળ કરુણા ફાઉન્ડેશન-એનીમલ હેલ્પલાઈન, રાજકોટની ટીમ અયોધ્યા પહોચી, ગૌશાળાની ખરાબ પરીસ્થિતિ હોવા છતાં ગયા સપ્તાહમાં કરુણા ફાઉન્ડેશન દ્વારા ડોક્ટર્સ અને પેરા મેડીકલ ડોક્ટર્સનો સ્ટાફ સતત ૧૪૦૦ ગૌમાતાઓની મેડીકલ સેવામાં કાર્યરત છે. ગૌ વંશ રોગ નિદાન, સારવાર કેમ્પ અને ગૌશાળાની સ્થાનીય સુવિધાઓ સુધારવા અને વધારવાનો પ્રયત્ન કરી રહ્યા છે. સમગ્ર આયોજન અંગે સમસ્ત મહાજનનાં ગિરીશભાઈ શાહનાં માર્ગદર્શનમાં મિત્તલ ખેતાણી, દેવેનું જૈન,પ્રતિક સંઘાણી, ડૉ. નિકુંજ પીપળીયા સહિતનાઓએ જહેમત ઉઠાવી હતી.

### ગામડાઓને પાણીદાર બનાવવા માટે પાણી સમિતિનો 'પ્રેરણા પ્રવાસ

# અમદાવાદ જિલ્લામાંથી કુલ ૧૭૫ ગામની પાણી સમિતિઓ માટે એક દિવસિય પ્રેરણા પ્રવાસનું વાસ્મો દ્વારા આયોજન કરવામાં આવ્યું

અમદાવાદ જિલ્લાના ગામડાઓમાં પીવાના પાણીનું ઘરે ઘરે નળથી વિતરણ અને પાણીની ગુણવત્તા સુધાર માટે કાર્યરત એવી પાણી સમિતિઓ આજકાલ એક અનોખા પ્રવાસ પર છે. પાણીના શુદ્ધીકરણ અને વિતરણ પ્રણાલીના એકમ એવા પમ્પિંગ સ્ટેશનો, ડેમ, ફીલ્ટર પ્લાંટ તથા અન્ય સોર્સની પાણી સમિતિના સભ્યો મુલાકાત લઈ રહ્યા છે. ઉપરાંત પીવાના પાણીના ટેસ્ટિંગ કીટના ઉપયોગની તાલીમ લઈ શુદ્ધ પાણીનો જ પીવા માટે ઉપયોગ કરવા અને તે પ્રકારે વિતરણ કરવા પ્રેરણા મેળવી રહ્યા છે.

જિલ્લાની પાણી સમિતિઓના આ 'પ્રેરણા પ્રવાસ'થી ગામડાઓમાં પાણીના શુદ્ધીકરણ અને વિતરણની વ્યવસ્થાઓ વધું સારી બનશે. આજે પણ ઘણા ગ્રામિણ વિસ્તારોમાં શુદ્ધ પાણી અંગેની જગૃતિનો અભાવ છે ત્યારે આ 'ટ્રેનિંગ ટુર' પાણી સમિતિના સભ્યોને માહિતગાર અને કાર્યદક્ષ બનાવી ગામડાઓને પાણીદાર બનાવશે. પાણી સમિતિઓ પીવાના પાણીને લગતી યોજનાઓ વિશે વધુ માહિગતગાર થાય તથા આ યોજનાઓ પાછળ સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલી માળખાકીય સુવિધાઓ તેમજ ગામમાં પીવાનું પાણી આપતા પહેલા તેને કેવી રીતે શુદ્ધ કરવામાં આવે છે તે વિશે લોકો જાગૃત થાય તે હેતુથી અમદાવાદ જિલ્લામાંથી કુલ ૧૭૫ ગામની પાણી સમિતિઓ માટે એક દિવસિય પ્રેરણા પ્રવાસનું વાસ્મો દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

૧૩૮ ગામના અંદાજે ૧૨૦૦થી વધુ પાણી સમિતિના સભ્યોને અમદાવાદ જિલ્લાની આસપાસના જિલ્લાઓમાં આવેલા ડેમ જેવા કે વણાકબોરી ડેમ, ધરોઈ ડેમ, ક્ષેત્રુંજય ડેમ તથા ઢાંકી અને નાવડા પમ્પીગ સ્ટેશન તેમજ ધરોઈ અને હૈડિયા હેડ વર્કસની મુલાકાત પ્રવાસ ચાલુ છે. આ પ્રવાસ દરમ્યાન પાણી સમિતિના સભ્યોને દરેક માળખાકીય સુવિધાઓ વિશે માહિતી આપવામાં આવે છે, ગામ લોકોને ડેમમાં પાણી કેવી રીતે સંગ્રહ કરવામાં આવે છે તથા હેડ વર્કસમાં પાણીને કેવી રીતે શુદ્ધ કરવામાં આવે છે તેથી ઝીણવટભરી માહિતી પણ આપવામાં આવે છે.

વાસ્મો દ્વારા સમગ્ર રાજયમાં નલ સે જલ કાર્યક્રમ થકી પેયજળ યોજનાની કામગીરી ખુબજ ઝડપથી થઈ રહી છે. વાસ્મો દ્વારા દરેક ગામમાં પાણી સમિતિઓની રચના કરવામાં આવી છે. આ પાણી સમિતિઓનું ક્ષમતાવર્ધન થાય અને ગામની પેયજળ યોજનાનું અમલીકરણ અને સંચાલન સારી રીતે થઈ શકે તે હેતુથી સમગ્ર રાજયમાં ૫૦૦૦ પાણી સમિતિઓના પ્રેરણા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત સરકાર જલ શક્તિ અભિયાન હેઠળ રાજયના ૧૦૦ ટકા ગ્રામિણ ઘરોને પીવાના પાણીના નળ જોડાણ આપવા કટિબદ્ધ છે. રાજયમાં થતી નલ સે જલ કાર્યક્રમની કામગીરી અન્વયે અમદાવાદ જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ (વાસ્મો) દ્વારા જિલ્લાનાં ગામોની પાણી સમિતિઓનું ક્ષમતાવર્ધન થાય અને તેઓ ગામની પેયજળ યોજનાનું અમલીકરણ અને સંચાલન સુચારૂ રીતે કરે તે હેતુથી આ પ્રેરણા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યુ છે.

સરકારના નલ સે જલ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ વિસ્તારોમાં લોકભાગીદારી આધારિત વિકેન્દ્રિત પેયજળ વિતરણ પ્રણાલી ઉભી કરવાનો છે. નલ સે જલ કાર્યક્રમના ઉદ્દેશ્યને સિદ્ધ કરવા માટે સમગ્ર ગુજરાત રાજ્ય અને અમદાવાદ જિલ્લામાં પણ મિશન મોડમાં કામગીરી કરવામાં આવી રહી છે.

ઉમંગ બારોટ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.